આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૯

સળંગ અંક : ૧૦૨૧

ડિસેમ્બર-૨૦૨૫





## બાળદિન

સરસ્વતી વિદ્યામંડળની પ્રણાલિકા મુજબ શાંતીકુમાર કોઠારી વિદ્યાલય ખાતે બૃહદસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે શાળાના કર્મચારીઓને દિવાળીની શુભેચ્છા પાઠવવામાં આવી તથા નિવૃત્ત થતા કર્મચારીઓને નિવૃત્તિ શુભેચ્છા પાઠવવામાં આવી. શ્રી કલ્પેશભાઈ પટેલ તથા શ્રી દિલીપસિંહ સોલંકીને વિદ્યામંડળની સંચાલક સમિતિમાં નિમણૂંક બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવી.







# બૃહદ સભા ૨૦૨૫






સરસ્વતી કુમારશાળા નં-૧ના "ગણિત-વિજ્ઞાન" વિષયના તેજસ્વી વિદ્યાર્થીઓ (૧) ઠક્કર રોનક, (૨) ડોડીયા દક્ષ તથા (૩) મહેરીયા રાજવીરને "The Lightship Initiative Tli" સંસ્થા દ્વારા લેપટોપ અને સ્કોલરશીપ આપવામાં આવી હતી.







# ઘરશાળા

વર્ષ : ૮૫ ડિસેમ્બર ૨૦૨૫ અંક : ૯ સળંગ અંક : ૧૦૨૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | **સંપાદકીય : ગુજરાતના શિક્ષણની દશા અને દિશા** | |
| | જ્યોતીન્દ્ર દવે | ૫ |
| ૨ | **દક્ષિણના છેડે** | |
| | કાકાસાહેબ કાલેલકર | ૭ |
| ૩ | **શાળાના વિનાના શિક્ષક** | |
| | ઈશ્વર પરમાર | ૯ |
| ૪ | **રામકાલીન શિક્ષણ પ્રણાલી** | |
| | હીરજીભાઈ નાકરાણી | ૧૨ |
| ૫ | **શ્રીમાન જીમ કોર્બેટનું ભારત** | |
| | રાજેન્દ્રભાઈ દવે | ૧૭ |
| ૬ | **હરિફાઈ - શત્રુતાની જનની** | |
| | રણછોડ શાહ | ૨૩ |
| ૭ | **બાળઉછેર : પરિવાર શું આપી શકે?** | |
| | ડૉ. ધર્મેન્દ્ર પટેલ | ૨૫ |
| ૮ | **કેળવણીની અનોખી રીત : સ્વવર્તન** | |
| | ડૉ. દિનેશકુમાર ડી. પરમાર | ૩૨ |
| ૯ | **કોચિંગના ભરોસે રહેલું શિક્ષણ દેશને તારી શકશે ખરું?** | |
| | અશોક પટેલ | ૩૫ |
| ૧૦ | **શિલ્પીઓ તો ઘણાં મળશે પરંતુ 'ગ્રામશિલ્પીઓ' જવલ્લે જ જડશે** | |
| | ડૉ. ભરત ભગત | ૩૮ |
| ૧૧ | **શિક્ષણ સમાચાર** | |
| | અશોક સોમપુરા | ૪૦ |

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી

રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે

સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ

ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા



**ઘરશાળા કાર્યાલય સરનામું**

**સરસ્વતી વિદ્યામંડળ**

**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**

**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**

**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


email : gharshala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication


**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

**ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :**

બેંકનું નામ : બેંક ઑફ બરોડા

ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭

ખાતાનું નામ : ઘરશાળા માસિક

આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP.** (Fifth character is zero)

# સંપાદકીય



- જ્યોતીન્દ્ર દવે

## ગુજરાતના શિક્ષણની દશા અને દિશા

આજથી આશરે ૧૫-૧૬ વર્ષ પહેલાં આ લેખક અને સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ, જાણીતા કેળવણીકાર મુ શ્રી જશીબેન નાયક શાળા સંચાલનના પ્રશ્નો, સરકારની કામગીરી અને ભૂમિકા અંગે અકળામણ અને મૂંઝવણ અનુભવતા હતા. અમારી અનેક લેખિત રજૂઆતોનો કોઈ જ પ્રતિભાવ સરકાર તરફથી મળતો નહિ. અંતે અમે તે સમયમાં તત્કાલિન શિક્ષણમંત્રીશ્રી સાથે રૂબરૂ મુલાકાત કરવાનું ગોઠવ્યું. અમારી મુખ્ય રજૂઆત નીચે મુજબની હતી.

(૧) શાળાના કર્મચારીઓની સમયસરની નિમણૂક (આ પ્રશ્ન આજે પણ વણ ઉકલ્યો અને જટિલ છે.)

(૨) શિક્ષકને માત્ર શિક્ષક જ રહેવા દો. (આ અંગે તાજેતરમાં આવેલા ''પરખ''...ના રિપોર્ટમાં મુદ્દાસર નોંધ આપવામાં આવી છે.)

(૩) ગુજરાતમાં સારા નસીબે શહેર તેમજ ગામડામાં અનેક સેવાભાવી, સંનિષ્ઠ અને કર્મઠ શિક્ષણપ્રેમીઓ તેમજ સાધન-સંપન્ન શૈક્ષણિક સંસ્થાઓ છે. આ કેળવણીકારો અને સંસ્થાઓ સાથે સરકાર નિયમિત સંવાદ કરે તે ખૂબ જરૂરી છે.

(૪) શિક્ષણ એ સેવાનું ક્ષેત્ર છે. તેમાં રાજકરણ અને વેપારીહિતોને દૂર રાખવા ખૂબ જ જરૂરી છે.

ઉપરોક્ત પાયાના પ્રશ્નોનું નિરાકરણ આજે પણ થયું નથી. તે આપણે સૌ અનુભવી રહ્યા છીએ. સરકાર આ અંગે મથામણ કરે છે. પૈસા ખર્ચે છે. પરંતુ પરિણામ મળતું નથી. નબળા અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનું શિક્ષણ કથળ્યું છે. ગુણવત્તાની દષ્ટિએ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું સ્થાન નીચે ગયું છે તે નિર્વિવાદ બાબત છે. ગુજરાત સરકારના શિક્ષણ પાછળના ખર્ચમાં રાજકીય દષ્ટિ વધુ અને શૈક્ષણિક દષ્ટિ ઓછી છે. પરિણામ એ આવ્યું છે કે રાજ્યનો સામાન્ય નબળો અને મધ્યમ વર્ગ છે, તેમનાં બાળકો મજબૂરીથી ખાનગી શાળાઓ તરફ વળ્યા છે અને સરકારી શાળાઓની વિશ્વસનીયતા ઓછી થઈ છે. સરકારી શાળાઓની ગુણવત્તા અંગે, ગુણોત્સવ દ્વારા ધાર્યું પરિણામ મળ્યું નથી. આ દિશામાં સરકારે આમૂલ પરિવર્તન કરવાની જરૂર છે.

રાજ્ય સરકારની માધ્યમિક શિક્ષણ બોર્ડની ગુણવત્તા વિશે પણ વિચાર કરવો રહ્યો. દેશના અન્ય રાજ્યો જે શિક્ષણ અંગેના માપદંડોમાં ગુણવત્તાની દૃષ્ટિએ ગુજરાત કરતા આગળ છે. તે રાજ્ય પાસેથી ગુજરાતે બોર્ડની કાર્યશૈલી અને સભ્યોની ગુણવત્તા માટે ફેરવિચારણા કરવી રહી.

ગુજરાત રાજ્ય સંચાલક મંડળ આ અંગે સક્રિય છે. લગભગ સરેરાશ રોજ એક પત્ર દ્વારા રાજ્ય સરકારનું વિવિધ પ્રશ્નો અંગે ધ્યાન દોરે છે. પરંતુ સરકાર તરફથી તેનો ત્વરિત પ્રતિભાવ મળતો નથી.

રાજ્યમાં ગામ-ગામ શિક્ષણના સેવામંડળો કાર્યરત છે. તેમના પણ પ્રશ્નો છે. ગામડાના આ સ્વૈ. સેવા મંડળોને સરકાર તરફથી સમયસર આર્થિક કે અન્ય મદદ મળતી નથી. પરિણામે એમની કામગીરી પણ કથળી છે. નોકરશાહી સાથે કામ કરવું મુશ્કેલ બન્યું છે. સંનિષ્ઠ અને સેવાયાત નાગરિકો શિક્ષણની સેવા પ્રવૃત્તિથી વિમુખ થતા જાય છે. વેપારી તત્ત્વોનું પ્રભુત્વ વધતું જાય છે. પરિણામે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોનું શોષણ વધ્યું છે.

શિક્ષણમાં વેપારીકરણ એ નોકરશાહી અને રાજકારણીઓ માટે આશીર્વાદરૂપ નીવડ્યું છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.

આ વાસ્તવિક અને પીડાદાયક પરિસ્થિતિ નિવારવાનો ઉપાય શું? આ યક્ષ પ્રશ્ન છે. કોઈ એક વ્યક્તિ આ કામ કરી શકે નહિ. પ્રજાની સામૂહિક ચેતના જાગૃત થાય તો જ આમૂલ પરિવર્તન શક્ય છે. અમારી દૃષ્ટિએ આ અંગે નીચેની બાબતો પ્રશ્નોના નિરાકરણ માટે ઉપયોગી નીવડી શકે.

(૧) સંનિષ્ઠ શિક્ષણપ્રેમીઓ સંગઠિત થાય.

(૨) શિક્ષણ એ સેવા અને નાગરિક ઘડતરની પ્રક્રિયા છે. તે અભિગમ સમાજ સ્વીકારે.

(૩) સરકાર માત્ર ઉદ્દીપકનું જ કામ કરે.

(૪) રાજકીય પક્ષો શિક્ષણમાં રાજકારણ ન કરે એ ખૂબ જરૂરી છે.

(૫) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં શિક્ષણ સમિતિ માત્ર શિક્ષણશાસ્ત્રીઓ અને કેળવણીકારોને જ સ્થાન મળે.

(૬) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં એસએમસીની જે ભલામણ છે, તેનો અમલ નિષ્ઠાપૂર્વક થાય એ ઈચ્છવા જોગ છે.

ઉપરોક્ત ઉપાયોને કારગત કરવા સમાજની સામૂહિક ઈચ્છા શક્તિ ખૂબ જ જરૂરી છે. એવું અમારું નમ્ર મંતવ્ય છે.

# દક્ષિણના છેડે

**- કાકાસાહેબ કાલેલકર**

ગુજરાતી સાહિત્યમાં પ્રવાસવર્ણન/કથા એ સવાયા ગુજરાતી કાકાસાહેબ કાલેલકરની દેન છે. આપણે સૌ ''હિમાલયનો પ્રવાસ'' કે ''રખડવાનો આનંદ'' પુસ્તકોથી સુપેરે પરિચિત છીએ. પ્રવાસ વર્ણનમાં કાકાસાહેબની એક આગવી શૈલી છે. સ્થળની મુલાકાત સાથે તેમના મનોજગતમાં ઉદ્‌ભવેલા પ્રશ્નો, ચિંતન, સંવેદનાઓને ખૂબ જ સહજ રીતે રજૂ કરે છે. અમે કાકાસાહેબના પ્રવાસ વર્ણનમાં વ્યક્ત કરવામાં આવેલા આ વિચારો, ચિંતન અને સંવેદાનાઓને જુદી તારવી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. આશા છે કે વાચકોને તે જરૂર ગમશે. **- તંત્રી**

કન્યાકુમારી વિશેનાં વખાણો ગાંધીજીને મોઢે સાંભળ્યાં હતાં. તે દશ્ય જોવાની ઉત્કંઠા મારામાં ગળાબૂડ વધી હતી. અહીં આવ્યા પછી તો એનો કેફ જ ચડ્યો. ત્યાર પછી જેટલી વાર અહીં આવ્યો છું, તેટલી વાર ફરી ફરી એ ને એ જ કેફ ચડ્યો છે.

અને આશ્ચર્ય એ કે એની સાથે બ્રહ્મચર્ય વિશેના પણ ઊંડા વિચારો મનમાં ઊઠ્યા વગર રહેતા નથી. દેવી કન્યાકુમારીનું આ સ્થાન છે એ ખ્યાલને લીધે એવા વિચારો મનમાં ઊઠે છે એમ કોઈ કાળે મને લાગ્યું નથી. સ્વામી વિવેકાનંદે આ સ્થાને આવીને એ જ કેફ અનુભવ્યો હતો. એ માહિતીને કારણે પણ કોઈ કાળે મનમાં અહીં આવતાંવેંત બ્રહ્મચર્યના વિચાર ઊઠ્યા નથી. ગાંધીજીની ભવ્ય સાધના સાથે પણ એ વિચાર જોડાયો નથી, પણ સ્વયંભૂપણે એ વિચાર મનમાં ઊઠે જ છે.

જે વિરાટ છે, ભૂમા છે, બૃહત્તમ છે, તેની સાથે એકરૂપ થયા પછી જે જીવન જીવાય છે તે જ ખરું બ્રહ્મચર્ય છે. વાસના દબાવી દીધી તો તે કોક વખતે ફરી ઉછળવાની, વાસના મારી નાખી તો તે ભૂતની પેઠે પજવતી રહેવાની. વાસનાને તૃપ્ત કરવાના ઘાટ ઘડ્યા તો તે વ્યસનની પેઠે અખંડ વળગવાની. વાસનાઓ વધાવી લીધી તો માથે એનું ચક્કર ભમ્યાં જ કરવાનું. વાસનાને તો સામે થઈને પૂછવું જોઈએ કે તું કોણ છે ? મિત્રના રૂપમાં શત્રુતા કરવા આવી છે કે જીવનને સમૃદ્ધ કરવાની સાધના તરીકે આવી છે? વાસના જ્યાં સુધી સ્પષ્ટ અને ઉઘાડી થઈ નથી ત્યાં સુધી જ મોહક હોય છે. મોહ અસ્પષ્ટતાનો હોય છે, એકાંગી દર્શનનો હોય છે. વાસનાને વશ થવામાં મુખ્ય મદદ આંધળાપણાની જ હોય છે. વાસનાનો આંધળો વિરોધ પણ એને મજબૂત જ બનાવે છે. બે આંખે જોવાથી વાસનાને ઓળખી ન શકીએ. એને, મહાદેવની પેઠે, ત્રણ આંખે જોવી જોઈએ, પછી એની શત્રુતા એની મેળે ઓગળી જાય છે.

વાસનાનો સામનો કેવળ તપસ્યાથી નથી થઈ શકતો; જ્યારે પ્રજ્ઞા સ્થિર થયા પછી વાસનોનો વિરોધ જ નથી કરવો પડતો.

જીવનમાં જ્યાં સુધી અપૂર્ણતાનું ભાન છે, ત્યાં સુધી બ્રહ્મચર્ય સિદ્ધ થયું ન ગણાય. અપૂર્ણતા

પોતે બાધક નથી. બાળકમાં અપૂર્ણતા ક્યાં ઓછી છે? એ નિર્મળ ભાવે જીવતું જાય છે અને એની અપૂર્ણતા સ્વાભાવિક ક્રમે મટતી જાય છે. અપૂર્ણતાનું ભાન આવ્યું કે તરત માણસ પામર થાય છે. સાગરની પેઠે પૂર્ણ થયા પછી મોજાંઓ ગમે તેટલાં ઊછળે, પાણીનો જથ્થો ગમે ત્યાં દોડે પણ સાગરને વહેવાપણું નથી. એ आत्मनि तप्तः છે તેથી જ એને પોતાની માઝા મૂકવાનું હોતું નથી. એને મર્યાદાનું ભાન જ ન હોવાથી એનાથી એ અનાયાસે અભાવિતપણે પ્રાપ્ત છે. એ જ ખરું બ્રહ્મચર્ય.

કન્યાકુમારીની કથા કરુણ છે. અહીંના કિનારા પર વેરાયેલી અક્ષત જેવી રેતી, માણેકના ચૂર જેવી લાલ રેતીનો ગુલાલ અને શાહીચૂસ તરીકે વપરાતી કાળી રેતી, એ બધી પ્રાકૃતિક વસ્તુઓ એ કરુણ કહાનીને વધારે કરુણ કરવામાં મદદ કરે છે. જો દુનિયામાં બધાં જ મહાકાવ્યો કરુણાંત હોય છે તો હિંદી મહાસાગરની અધિષ્ઠાત્રી દેવી કન્યાકુમારીની કથા પણ કરુણાંત હોય એ જ ઉત્પન્ન છે. કરુણ-રસમાં જે ઊંડાણ હોય છે તે દ્વારા જ જીવનની ખરી અને પૂરી પ્રતીતિ થઈ શકે છે.

दुःखं सत्यं सुखं माया; दुःखं जन्तोः परं धनम्।
दुःखं जीवन-हृद्‌गतम्॥

છીછરું જીવન માને છે કે સુખ એ જ જીવનની અનુભૂતિ છે, જીવનનું સારસર્વસ્વ છે. એ ભ્રમણા ભાંગવાનું કામ દુઃખને સોંપવામાં આવ્યું છે. દુઃખથી પરાસ્ત ન થતાં જે માણસ દુઃખને જીવનની સાધના તરીકે સ્વીકારે છે તે જ સુખદુઃખ નથી.

**સાભાર : 'રખડવાનો આનંદ' પુસ્તક**

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ થી ચાલુ)

ઉપરાંત ખેડૂતોને ફળોના છોડવા આપી તેમની આવકમાં ઉમેરો કરવાનું ગોઠવ્યું છે.

ખેડૂતોને સજીવ ખેતી માટે પ્રોત્સાહિત કરવા ઉપરાંત યા પાક ક્યારે લેવા એની સમજ આપવા સાથે ખેતરોમાં પથ્થરના પાળિયા કરાવી જમીનનું ધોવાણ અટકાવતાં શીખવાડ્યું છે. ગૃહઉદ્યોગ દ્વારા ઘરની અંદર કામ કરી વધારાની આવક કરતાં શીખવ્યું છે. વરલી પેઈન્ટિંગને પ્રોત્સાહન અને વેચાણ, ઘરના ખાદ્યપદાર્થોનું વેચાણ, મધુમાખી ઉછેર અને મધ પાડતાં શીખવ્યું, જે નાના મોટા, સ્ત્રી કે પુરુષ સહુ કરી શકે તેવું છે. આ બધાં કામો દ્વારા ઘણા લોકોને પૂરક રોજી અથવા મુખ્ય રોજી કમાવાની તક મળી ગઈ.

અધધધ.. કહી શકાય તેટલી બધી સફળ પ્રવૃત્તિઓ ૮૦ ગામોમાં નિલમભાઈ પટેલ અને તેમના સ્થાનિક સહકાર્યકર્તાઓ આટલા બધા વર્ષોથી સતત કરી રહ્યા છે. તે આ વિસ્તારના લોકો માટે આશાનું કિરણ છે. ગ્રામોદ્ધારની વાતો કરવી સહેલી છે, પરંતુ આવા ૮૦ ગામો કે જ્યાં સામાન્ય સુવિધાઓ પણ નથી અને એમાંય ૩૫ ગામો કે જ્યાં મોબાઈલ કે ઈન્ટરનેટ નથી ત્યાં કામ કરવું કેટલું દુષ્કર છે તે ત્યાં જઈને રહીએ તો જ સમજાય.

ગામડાંઓનું ઘડતર કરનાર આવા 'ગ્રામશિલ્પીઓ' જવલ્લે જ જડે અને ખરેખર તો આવા માનવીઓને શોધવા ઘાસનાં જંગલમાંથી સોય શોધવા જેવું મુશ્કેલ કામ છે. ગાંધીજી કહેતા કે ગામ સ્વતંત્ર થશે તો જ દેશ સ્વતંત્ર થશે અને નિલમભાઈ ગામડાંઓને સ્વતંત્ર બનાવવા યજ્ઞ યોજીને બેઠા છે, જેમાં તેમણે પોતાની જાતને જ હોમી દીધી છે. ધન્ય છે આવા 'ગ્રામશિલ્પીને'.

**સાભાર :**
**'સુવિચાર' માસિક ઑક્ટોબર ૨૦૨૫ અંકમાંથી**

# શાળાના વિનાના શિક્ષક

- ઈશ્વર પરમાર

જે બાળક ભવિષ્યમાં શાળા વિનાનો શિક્ષક થવા અવતર્યું હોય તે શાળામાં સખણું શાનું રહે? અગિયાર વરસની ઉંમર લગી ધીંગામસ્તી અને મારફાડ કરતો ખેપાની નિશાળિયો આજે ખંભાળિયા (જિ. જામનગર) ખાતે શાળા વિનાના સક્રિય શિક્ષક તરીકે ગૌરવભેર જીવતાં જીવતાં પંચોતેરમે વર્ષે પહોંચીને જીવનની અમૃત-અવસ્થા માણી રહ્યો છે. ખંભાળિયામાં કોઈ બાળકને કે બૂઢિયાને પૂછો : 'ત્ર્યંબકભાઈ મંકોડી ક્યાં રહે છે!' - તો કદાચ કોઈ હોંશભેર તમને સડક ને ગલી વટાવીને એક ખાંચે ઊભા રાખીને કહેશે : 'આ ઘર છે મંકોડી સાહેબનું. હું એમની પાસે ભણ્યો. મારાં નાનાં ભાઈ-બહેનોય ભણ્યાં. મારો દીકરોય એમની પાસે ભણીને કામે ચડી ગયો છે.'

ઘરમાં દાખલ થવાની સાથે એવું લાગે કે ત્ર્યંબકભાઈના ઘરમાં પુસ્તકો નથી પણ પુસ્તકોના ઘરમાં ત્ર્યબંકભાઈ સાંકડ-માંકડ રહે છે! પાંત્રીસસો જેટલાં પુસત્કો એમણે ચૂંટીચૂંટીને વસાવ્યાં છે. કેટલાક તો દુર્લભ કે અપ્રાપ્ય ગણાય તેવા સંસ્કૃત ગ્રંથો અહીં વિરાજે છે. એ પુસ્તકો એમણે ભૂખ વેઠીને અને બીમારી ભોગવીને વસાવ્યાં છે. ભાવનગરના શ્રી મહેન્દ્ર મેઘાણીએ હપતાની સગવડો આપી તેથી વસાવાઈ શકાયાં છે. પુસ્તકો એ ત્ર્યંબકભાઈનું જાણે ઔષધ છે, સંજીવની જડીબુટ્ટી છે.

આ પુસ્તક-પ્રેમી શિક્ષકનો જન્મ સને ૧૯૧૬ની પાંચમી ઑગસ્ટે કલ્યાણપુર મુકામે થયો. ગામડામાં ચોથી ગુજરાતી સુધી ભણીને ધોરણ પાંચથી મેટ્રિક (૧૯૩૫) સુધી રાજકોટમાં મોસાળે રહીને ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણ્યા, એ કાળમાં મીઠાભાઈ પરસાણા, વજુ કોટક, રમેશ સંઘવી અને અમૃત ઘાયલ - એમના સહાધ્યાયી! ક્યારેક સિંહોનુંય ટોળું થાય!

પોતાના ઘડતરમાં સર્વ શ્રી ગુલાબરાય મંકોડી, ઘનશ્યામ ઓઝા, રતુભાઈ અદાણી, ડૉ. આર. કે. યાજ્ઞિક અને ડોલરભાઈ માંકડ જેવા વિદ્યાપ્રેમીઓનો ફાળો હોવાનું શ્રી ત્ર્યંબકભાઈ આદર સહિત સ્વીકારે છે. ધર્મેન્દ્ર કૉલેજ, રાજકોટના વાઈસ પ્રિન્સિપાલ પ્રો. સી. એ. બૂચ અને સંસ્કારમૂર્તિ શ્રી પ્રાણજીવન જોશીએ સાહિત્યપ્રીતિ જન્માવી અને વિકસાવી. વિદ્યાર્થી અવસ્થામાં એમણે રાજવી લાખાજીરાજ પર અંગ્રેજી કવિતા લખી હતી.

સંસ્કૃતના શ્રેષ્ઠ પંડિત ન્યાયતીર્થ ન્યાય વિજયજીએ ત્ર્યંબકભાઈને સંસ્કૃત શીખવ્યું. એમના આશિષથી એમણે ચાર વેદ,

ઉપનિષદો, પુરાણોનો સાંસ્કૃતિક વારસો હાંસલ કર્યો.

સને ૧૯૩૬માં શ્રી ત્ર્યંબકભાઈ મંકોડી વાંસજાળિયામાં પ્રાથમિક શિક્ષક તરીકે નિમાયા. પછી પાંચ વરસ ખંભાળિયામાં નોકરી કરી. આ છ વરસની નોકરીના છેડે આચાર્ય સાથે મતભેદ થતાં કદી નોકરી જ ન કરવાનો નિશ્ચય કર્યો અને રાજીનામું આપી દીધું. બસ, આ પછી તેઓ અલગારી જીવન જીવતા રહ્યા છે. ડોલરભાઈ માંકડ સાહિત્યરસિકોને કહેતા, 'સાહિત્યની ધૂણી ધખાવી બેઠેલો જીવ જોવો હોય તો જાઓ ખંભાળિયા!'

શાળા છોડી તેથી કંઈ શિક્ષક ન મટી ગયા ત્ર્યંબકભાઇ. આજ લગી વગર પૈસે બધી કક્ષાના વિદ્યાર્થીઓને પોતાને ઘેર ભણાવતા રહ્યા છે. ભણાવતાં ભણાવતાં પોતે અવિરત ભણતા રહ્યા છે. આ રીતે તેઓ એટલું ભણ્યા કે એમ. એ. કક્ષાના વિદ્યાર્થીઓને પણ માર્ગદર્શન આપી શકે છે.

શાળાની નોકરી છ વરસની - પણ આજે તો ચોથી પેઢી લગીનાં બાળકો એમને આંગણે ભણવાને જાય છે. ભણવા આવે ને સાહેબ માટે પ્રસંગે જમવાનુંય હોંશથી લાવે. આજે વડીલ કક્ષાએ પહોંચેલા એમના દોઢસોથી બસો જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એમને દર માસે નિયમિત નાની-મોટી રકમનો ચુકાવો કરે છે. આ છે એમની આજીવન પેન્શનની સ્વયંભૂ યોજના! જંગમ વિદ્યાલય સમા શ્રી ત્ર્યંબકભાઈએ ભણાવવાના બદલામાં કશું મેળવવાની અપેક્ષા કે આસક્તિ રાખી નહીં અને તેથી તેમાંથી જન્મેલી પ્રીતિનો તંતુ ચોથી પેઢી લગી અણતૂટ રહ્યો છે તે ઘટના વિદ્યાર્થી વર્ગ માટે આસ્તિક્તા જગવી જાય છે.

પ્રભાવી શિક્ષક ત્ર્યંબકભાઈ આજેય વિદ્યાર્થીભાવે અધ્યયન-રત રહે છે. અધ્યયન-પ્રીતિને પ્રતાપે તેઓ બંગાળી, મરાઠી, ઉર્દૂ, હિંદી, સંસ્કૃત, ફ્રેંચ અને અંગ્રેજી ભાષાની જાણકારી ધરાવે છે. ભાષાઓ શીખવાની પ્રેરણા એમને વિનોબાજીમાંથી મળી. એમના પ્રિય લેખકો ખલિલ જિબ્રાન અને શેક્સપિયર. વિનોબાજીનો પ્રભાવ જીવનરીતિ પર પડ્યો. રામકૃષ્ણ-વિવેકાનંદની આધ્યાત્મિક પ્રેરણા એમનામાં ચિંતનના નિત્યનૂતન પુષ્પો ખીલવે છે.

આ ચિંતન-પુષ્પોની સુગંધ સવિશેષ સૌરાષ્ટ્રમાં વિવિધ સંસ્થાઓમાં યોજાતા એમના પ્રવચનોમાં તાજપ ટકાવી રાખે છે. એમના પ્રવચનના વિષયો સવિશેષ કબીર, બુદ્ધ, કાલિદાસ, કલાપી, જવાહરલાલ, શંકરાચાર્ય, નાનાલાલ, સરદાર વલ્લભભાઈ, ગાંધીજી, બાઈબલ, કુરાન અંગે હોય છે. એમના દ્વારા કાલિદાસના મેઘદૂતનો રસાસ્વાદ માણવો એ એક ઉત્સવ મનાય છે.

શ્રી ત્ર્યંબકભાઇ મંકોડીના પ્રવચન-અધ્યાપનના ઓજનું રહસ્ય છે. એમની પ્રખર સ્મૃતિ. કલાપી, કાલિદાસ, મેઘાણી, નાનાલાલ,

વર્ડ્ઝવર્થ, શેલી, મિલ્ટન, કિટ્સન, એલેક્ઝાંડર પોપ, કોલરિજ જેવા કવિઓની કેટકેટલીય કવિતાઓ અને શેક્સપિયરના નાટ્યાંશો એમને કંઠસ્થ; વધારે સાચું કહીએ તો હૃદયસ્થ!

સ્મૃતિશક્તિને કુદરતી માનવા છતાં તેઓ મંત્રજાપ અને આજ્ઞાચક્રની સક્રિયતાને સહાયભૂત માને છે. તેમના મતે, જે વાંચીએ તેનું પુસ્તક વિના પુનઃદર્શન પણ જરૂરી છે. આ સ્મૃતિશૂર શિક્ષકની વાક્ધારા અસ્ખલિત રહે એમાં શી નવાઈ!

અપરિણીત ત્ર્યંબકભાઈ વિદ્યાર્થીઓને સદા વત્સલભાવે ચાહતા રહ્યા છે. બીમાર વિદ્યાર્થીની મુલાકાત લે. પહેલાં તો જાદુ-નાટક જોવાનું પણ વિદ્યાર્થીઓને ગોઠવી આપતા!

એમના મતે ભણાવવાની સારી રીત વાતચીત છે. આથી શિક્ષણ સરળ બને. કંઠસ્થ કરવા પર ભાર મૂકતા. આ શિક્ષક વાચન અને વિશેષ તો લેખનને શિક્ષણનું અનિવાર્ય અંગ માને છે. લેખન વિના વિષયવસ્તુની પકડ શક્ય નથી.

શ્રી ત્ર્યંબકભાઈ દૃઢપણે માને છે કે સ્વેચ્છાએ શિક્ષક થવાનું સ્વીકારે તે જ સાચો શિક્ષક. એમનું ચાલે તો નોકરી કરતા શિક્ષકના ઈન્ક્રીમેન્ટ-પ્રમોશન માટે તેઓ પરીક્ષા જ ગોઠવે. એમને ખેદ એ વાતનો છે કે આજે શિક્ષકો વાચનવિમુખ થવા માંડ્યાં છે. લાંબી રજાઓમાં પૂરતું વાચન કરવું ઘટે.

ગુજરાતના શિક્ષણજગતની પ્રેરક અને વિરલ પ્રતિભા સમા ભેખધારી આ શિક્ષકને અને તીર્થ સમાન તેમની ઘરશાળાને સલામ!

તા.ક. : શાળા વિનાના સર્વમાન્ય શિક્ષક શ્રી ત્ર્યંબકભાઈ મંકોડીનું એંસી વર્ષની વયે તા. ૧-૧૨-’૯૬ની સવારે નવ વાગ્યે અવસાન થયું. એમના નિકટવર્તી શિષ્ય શ્રી જેઠાભાઈ જોશીએ ખેદખબર આપવાની સાથે જણાવ્યું : ‘‘સ્વર્ગસ્થ આપને ઘણી વખત યાદ કરતા હતા. આ વખતે દ્વારકા આવવાનું થાત ત્યારે તેઓ આપને રૂબરૂ મળવા આવત; પણ તે પહેલાં મંકોડીસાહેબ ચાલ્યા ગયા...’’

સદ્ગતની વિદ્યાભક્તિ અને વિદ્યાર્થીપ્રેમ સારસ્વતસમાજ કદી વીસરશે નહીં. એમના પરમ પંથે પાથરીએ પ્રેમાદરનાં પુષ્પો!

❀ ❀ ❀

બાળકોનું સૌથી અધિક અનર્થ કર્યું છે અંગ્રેજી માધ્યમના શિક્ષણે.

નાનું બાળક જે ભાષા પોતાની આસપાસ પોતાના પરિવારમાં સાંભળે છે, એની સાથે એના ભાવ જોડાય છે. એના માધ્યમથી જ એ શીખે છે. પણ એ જ ઉંમરે એને પારકી ભાષા શીખવવી અને પછી એના માધ્યમથી વિષયો શીખવવા એટલે કે નાજુક ઉંમરે બેવડો ભાર નાખવો. ભાષાની સાથે સંસ્કૃતિ આવે છે, એટલે પોતાની ભાષા અને સંસ્કૃતિને પણ હીન માનવા લાગે છે. બાળક એક મૂલ્યહીન અને મૂળહીન શિક્ષણ જીવતું થાય છે.

**- કંચન (મૈત્રીમાંથી સાભાર)**

❀ ❀ ❀

# રામકાલીન શિક્ષણ પ્રણાલી

- હીરજીભાઈ નાકરાણી

**પૂર્વભૂમિકા :**

ભારતની ગુરુકુળ પ્રથા એક શિક્ષણ અને સંસ્કાર ઘડતરની સાર્વજનિક અને સાર્વત્રિક સંસ્થા ગણવામાં આવતી હતી. એટલે જ તો તેમાં ગરીબ, અમીર, રાજા, રંક, જ્ઞાતિ, જાતિના ભેદભાવ તથા ધર્મના પણ ભેદભાવ વગર સમાનતાને ધોરણે વિદ્યાર્થીનું જીવન ઘડતર થતું હતું.

બીજી રીતે જોઈએ તો ગુરુકુળમાં ભણવા આવનારાઓનો એક વિશાળ પરિવાર ગણાતો હતો. ગુરુકુળના ઇતિહાસમાં ભારતની શિક્ષણ વ્યવસ્થા, રાષ્ટ્ર અને વિજ્ઞાનનું રક્ષણ કરવું તે અનિવાર્ય ગણાતું હતું.

ગુરુકુળ એટલે પ્રકૃતિને ખોળે ખુલ્લા આકાશ નીચે વન, ઉપવન હરિયાળીમાં - પક્ષીઓના કલરવમાં તથા કલકલ કરતી નદીના પ્રવાહ નજીક ગુરુકુળોનો વસવાટ હતો. તેની આસપાસ વિશાળ જમીન રહેતી, જેમાં ઋષિ ખેતી કરી જીવન જરૂરિયાત પૂરતું અનાજ, કઠોળ, શાકભાજી તથા ફળફળાદિ પકવી લેતા હતા. આમ, આત્મનિર્ભર થવું તે અનિવાર્ય ગણાતું હતું.

શિક્ષણ આપનાર ગુરુ કુંવારો નહીં પણ પરણેલો હોવો તે અનિવાર્ય ગણાતું હતું. કેમ કે ગુરુકુળમાં કુમારો સાથે કન્યાઓને પણ પ્રવેશ અપાતો હતો. કન્યાઓની સંભાળ ગુરુપત્ની રાખતી અને કુમારોની સંભાળ ગુરુ પોતે રાખતા હતા. કુમારોને ગુરુપત્ની પ્રેમ આપતી, કન્યાઓને ગુરુ પ્રેમ આપતા હતા અને એમના પ્રેમમાં જ કન્યા અને કુમારોનો ઉછેર થતો હતો.

જો ગુરુ સંતાનવાળો હોય તો તેના સંતાનો પણ પ્રવેશ પામનાર શિષ્યો સાથે રહીને, સાથે આશ્રમના વિવિધ કામમાં જોડાઈને સેવા બજાવતા હતા.

રાજ્ય સંચાલનમાં રાજા-મહારાજાઓ ગુરુકુળના ઋષિ-મુનિઓની સલાહ લઈને નિર્ણયો લેતા હતા. રાજાઓને આ ગુરુઓ ઉપર પૂરો ભરોસો, વિશ્વાસ હતો કે ખોટી સલાહ મળવાની જ નથી તેથી રાજ્યમાં રાજાઓ ગુરુને બહુ જ સન્માન આપતા હતા. તેમનો પડ્યો બોલ રાજા ઉપાડી લેતા હતા. ગુરુઓ પણ રાજ્ય સંચાલનમાં રાજાને ખૂબ ઉપયોગી થતા હતા.

**શિક્ષણના ઉદ્દેશો :**

- શિક્ષણ દ્વારા શિષ્યનો શારીરિક, માનસિક, સાંવેગિક અને આધ્યાત્મિક વિકાસ કરવો.
- 'સા વિદ્યા યા વિમુક્તયે' એટલે કે વિદ્યા - જ્ઞાન એવું હોવું જોઈએ, જેનાથી તે કર્મના બંધનો તેને ન વળગે અને કર્મબંધનમાંથી

મુક્તિ કરાવે એ જ સાચી વિદ્યાની વિભાવના શિષ્યોને સમજાવી ગળે ઉતારવી.

- ગુરુકુળમાં શિક્ષણ લીધા પછી શિષ્ય સંપૂર્ણ આત્મનિર્ભર થઈને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશી પરિવારનું ભરણ-પોષણ સરળતાથી કરી શકે એટલી ક્ષમતા પ્રાપ્ત કરી શકે.
- શિષ્યની જિજ્ઞાસાને સતત ઉત્તેજિત કર્યા કરવી અને નિત્ય નવા વિચારો, ચિંતનો તથા સર્જનોથી જાણકાર રહી તેના તરફ વાળવાના અવસરો પેદા કરવા.
- ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મનું રક્ષણ કરવાની ક્ષમતા કેળવે અને જીવનમાં તેનો અમલ કરતાં થવું.
- રાષ્ટ્રને પોષક, સંરક્ષક અને રાષ્ટ્રીય ચારિત્ર્ય કરે તેવા વિનમ્ર નાગરિકો પેદા કરવા.
- ગુરુકુળમાં કેળવણી પામી વસુધૈવ કુટુંબકમ્‌ની વિભાવના શિષ્યમાં પેદા કરવી તથા તેના માટે ગુરુકુળમાં પર્યાવરણ તૈયાર કરી શિષ્ય પારિવારિક, સામાજિક અને રાષ્ટ્રપ્રેમ તરફ અભિમુખ થાય તેવા પ્રયત્નો કરવા.
- ગુરુકુળના છાત્રાલયમાં રહીને ભાઈચારાની ભાવના પેદા થાય તથા ઘસાઈ ઉજળા થવાની મનોવૃત્તિ કેળવાય તેવા પ્રયત્નો કરવા.
- સમૂહ જીવનમાં રહીને પોતાના સ્વભાવનું સાર્વજનિક ઘડતર થાય જેમાંથી નિઃસ્વાર્થ સેવાભાવ અને સમાજ અને રાષ્ટ્રના હિતમાં સમર્પણ ભાવ કેળવાય તેવા પ્રયત્નો કરવા.
- સુખેથી જીવો અને અન્યને સુખેથી જીવવા દો એવી સમજ પેદા કરવી.

**પ્રવેશના ધોરણો :**

- ગુરુકુળમાં પ્રવેશની ઉંમર ૮ વર્ષની ગણાતી હતી અને પૂરાં ૧૭ વર્ષ સુધી તમામ શાસ્ત્રો, વિદ્યાઓ અને આત્મજ્ઞાન મેળવીને પૂરા પચ્ચીસ વરસ સુધી સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવાનું રહેતું હતું.
- કન્યા અને કુમાર બન્નેને સમાન ધોરણે પ્રવેશ મળતો હતો. પ્રવેશ મળતાની સાથે બન્ને માટે ઉપનયન સંસ્કારની ક્રિયા થતી હતી. બન્ને માટે ફરજિયાત ગણાતું હતું.
- શિક્ષણ કે છાત્રાલય, અન્નપૂર્ણ વગેરે કોઈ બાબતની ફી લેવામાં આવતી ન હતી. સંપૂર્ણ નિઃશૂલ્ક શિક્ષણ અપાતું હતું.
- ગરીબ-અમીર, રાજા, રંક, નિર્ધન, ધનવાન તેમજ વર્ણભેદ અને ધર્મભેદ રાખ્યા વગર સમાનતાને ધોરણે શિક્ષણ અપાતું હતું.
- માધુકરી (ભિક્ષા) માંગી લાવવી તે ફરજિયાત ગણાતું હતું. શિષ્યો તેને ધર્મકાર્ય ગણી મનમાં કોઈ સંકોચ કે અહંભાવ વગર ભિક્ષા માગવા જતા હતા. આની પાછળ અહંકારનું વિગલન કરવું અને આમાંથી જ વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના પ્રગટ થતી હતી.

- ગુરુકુળ પાસે પર્યાપ્ત જમીન રહેતી તેથી શિષ્યો અને ગુરુઓ સાથે મળીને ઋષિખેતી કરીને જીવન જરૂરિયાત પૂરતું અનાજ, કઠોળ, શાકભાજી અને ફળફળાદિ પેદા કરી લેતા હતા. દૂધ-ઘી માટે ગોપાલન પણ થતું. જેની તમામ સેવા-સુશ્રુષા શિષ્યો જ સંભાળતા હતા.
- જ્યાં સુધી અભ્યાસ પૂરો ન થાય ત્યાં સુધી ઘરે જવાની છૂટ ન રહેતી. માતા-પિતાને મળવું હોય તો રાત રોકાયા વગર મળીને પાછા આશ્રમમાં આવી જવાનું રહેતું. શિક્ષણ દરમિયાન શિષ્યે ઘરનો મોહ અને માતા-પિતાએ સંતાનનો મોહ જતો કરવો પડતો હતો.
- ૨૫ વર્ષની ઉંમરે ભણતર પૂરું થતું. તે વખતે શિષ્યોને વિદાય કરતા પહેલાં દિક્ષાંત સમારોહ યોજવામાં આવતો હતો. તેમાં કોઈ સર્ટિફિકેટ કે ડિગ્રી એનાયત થતી નહીં પણ નિવાસ દરમિયાન જેણે ગુરુને પોતાના વર્તન-વ્યવહાર તેમજ જ્ઞાનગ્રહણ કરવામાં વિશેષ સંતોષ આપ્યો હોય તેને આ સમારોહમાં નવાજવામાં આવતા હતા. તેનું સન્માન થતું અને જીવનમાં આગળ વધવા પ્રોત્સાહિત કરવામાં આવતા હતા.

  કોઈને પોતાના ગુરુકુળમાં સેવા આપવી હોય તો તેનો સ્વીકાર થતો હતો. દિક્ષાંત સમારોહમાં ગુરુદક્ષિણા આપવી હોય તો આપી શકતા હતા. ગુરુદક્ષિણામાં કોઈ કિંમતી વસ્તુ નહીં પરંતુ આશ્રમને ઉપયોગી ગોદાન સ્વીકારવામાં આવતું હતું.

  રાજા-મહારાજાઓ તરફથી સુવર્ણ મુદ્રાઓ અને જમીનદાન તેમજ ગુરુકુળના વિકાસમાં જરૂરી સાધનનું દાન પણ સ્વીકારવામાં આવતું હતું.

  કોઈ ગરીબ શિષ્યને દક્ષિણા આપવાનું મન થાય તો તેણે આશ્રમમાં ફ્રી સેવા આપીને ઋણમુક્ત થઈ શકાતું હતું.

**શિક્ષણ પ્રણાલીની વિશેષતાઓ :**

ગુરુકુળમાં ગુરુ અને ગુરુપત્નીના સાનિધ્યમાં રહીને તેમના વર્તન-વ્યવહારમાંથી જીવાતા-જીવનના સંસ્કારો અને કેળવણી આપો-આપ સહજ ભાવે જાણ્યે અજાણ્યે જીવનપોષક ભાતું મળી રહેતું હતું.

શિષ્યો ગુરુને ગમે ત્યારે મનમાં ઉદ્ભવેલા પ્રશ્નો કે સમસ્યાઓનો ઉકેલ મેળવી શકતા હતા. શિષ્યની જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે સંપૂર્ણ નિર્ભયતા, નિખાલસતા, સરળતા અને સહજતાનું પર્યાવરણ ઉદ્ભવતું હતું એટલે જ તો કહેવામાં આવે છે કે,

''મન નિર્ભય અને મસ્તક ઉન્નત
જ્ઞાન સદા જ્યાં મુક્ત વહે''

આવા વાતાવરણમાં જ સાચો પ્રેમ પ્રગટી શકે અને જ્યાં આવો પ્રેમ પ્રગટે ત્યાં મન નિર્ભય હોય જ અને જ્યાં નિર્ભયતા હોય ત્યાં જ સાચી કેળવણી અને સંસ્કાર મળી શકે.

- શિક્ષણનું માધ્યમ દેવભાષા સંસ્કૃત ગણાતું હતું. આ ભાષામાં પ્રવચનો થતા, ચર્ચાઓ થતી, પરિસંવાદો થતા વાદ-વિવાદ અને અંતે સંવાદ સધાતા જ્ઞાનધારા વહેતી થતી હતી. વિવેચનો થતા, ટીકાટિપ્પણીઓ થતી તેમજ ગુરુસન્મુખ શિષ્યનો સંવાદ પણ થતો હતો.
- મહારાજા દશરથના ચારે પુત્રો એ મહર્ષિ વિશિષ્ટના આશ્રમે ભણવા જઈ અસ્ત્ર, શાસ્ત્ર, યોગ વગેરે જીવન ઉપયોગી એવું વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

  વિશ્વામિત્ર ઋષિએ રામને ધનુષવિદ્યા શીખવી શાસ્ત્રવિદ્યાનું જ્ઞાન આપ્યું હતું, જેમાં રામે સંપૂર્ણ કુશળતા મેળવી હતી. ધર્મના માર્ગે ચાલનાર ભગવાન રામને ગુરુ વશિષ્ઠ મુનિનું સંપૂર્ણ માર્ગદર્શન મળ્યું હતું. એટલે જ તો રામ ‘મર્યાદા પુરુષોત્તમ’ કહેવાયા હતા.
- છાત્રાલયના સમૂહ જીવનમાં રહીને ભણવું બહુ કઠિન હોય છે. તેમાંજ જીવનનું સાચું ઘડતર થાય છે. અહંકાર ઓગાળવાનું આ સ્થાન જીવન માટે બહુ જ ઉપયોગી અને મહત્ત્વનું ગણાય છે. અહીં જ સાચો ભાઈચારો કેળવાય છે. સુખદુઃખમાં સાથે રહેવાની અને ઉપયોગી થવાની માનસિકતા કેળવાય છે. ઘસાઈને ઉજળા થવાનો અવસર અહીં જ મળે છે. આમ સાચા માનવનું ઘડતર અહીં જ થાય છે.
- આજની મોનિટર સિસ્ટમના મૂળ રામના સમયમાં જોવા મળે છે. શિષ્ય જે વિષયમાં વધુ પાવરધો હોય તેનો લાભ નીચલી શ્રેણીના વિદ્યાર્થીને ભણાવવાનું કામ સોંપવાથી તેની કાર્યક્ષમતા વધે છે અને કેળવાય છે. પોતાના અહંકારને ઓગાળવાનો આ અવસર આપવામાં આવતો હતો. કોઈ ગુરુ અગત્યના કામે રોકાયેલ હોય ત્યારે આ મોનીટર થકી શિક્ષણ અપાતું હતું. તેના થકી શીખવનારનો આત્મવિશ્વાસ વધતો હતો. આવા વિદ્યાર્થીને સૌ વિદ્યાર્થીઓ માન-સન્માનની ભાવનાથી જોતા હતા.

  રામના સમયમાં સહશિક્ષણ સહજ ગણાતું હતું. રામ થકી સીતાનો ત્યાગ થતા. વિશ્વામિત્રના આશ્રમમાં તેને મોકલવામાં આવી. જ્યાં તેણે બે બાળકોને જન્મ આપ્યો હતો. લવ અને કુશને શિક્ષણ આ આશ્રમમાં જ મળ્યું અને તે વખતે મહારાજા જનકના ગુરુ ભારદ્વાજ ઋષિની પુત્રી મૈત્રેયી પણ લવ-કુશ સાથે ભણીને મોટી થઈ હતી. આ ઉપરથી એવો ખ્યાલ આવે છે કે સહશિક્ષણ તે જમાનામાં સહજ હતું. જે આજે પણ ચાલ્યું આવે છે.

  સહશિક્ષણ ત્યાં જ સંભવી શકે જ્યાં ગુરુ અને ગુરુપત્ની માતા-પિતા બનીને કન્યાની સાર સંભાળ રાખી શકે. અગાઢ પ્રેમ મળતો હોય, નિર્ભયતા હોય, નિખાલસતા હોય ત્યાં જ સહશિક્ષણ સહજ બને છે.

આ મૈત્રેયી વિદૂષી થઈ અને મહર્ષિ યાગ્ન વલ્કલ્યની પત્ની બની હતી. સાચા અર્થમાં ગાર્ગી અને મૈત્રેયીએ યાગ્નવલ્કલ્યને મહાતી આપી હતી. આમ લોપામુદ્રા, અપાલા, સરસ્વતી અને યામી વગેરે સન્નારીઓએ ગુરુકુળમાં ભણીને કાઠું કાઢ્યું હતું.

રામના સમયમાં મહિલાઓ સંપૂર્ણ રીતે યજ્ઞમાં ભાગ લઈ શકતી હતી. જ્ઞાનધારા અને આધ્યાત્મિક બાબતોમાં સમાનતાના ધોરણે ધાર્મિક અનુષ્ઠાનો તથા કામકાજમાં જોડાવાનો તેને અધિકાર હતો.

મહિલાઓ સાથે ખૂબ આદર ભર્યો વ્યવહાર કરવામાં આવતો હતો. રામે સીતા, માતા કૌશલ્યા, સુમિત્રા, કૈકઈ આ ત્રણેને આદરભર્યું સ્થાન આપી સમ્માનપૂર્વક તેઓની સાથે વ્યવહાર કર્યો હતો.

રામના સમયમાં પુત્રજન્મને વિશેષ આવકાર આપવામાં આવતો હતો, કેમકે વંશનો તે રક્ષક ગણાતો હતો તેથી જ તો મહારાજા દશરથે પુત્રેષ્ઠી યજ્ઞ કરાવ્યો હતો.

મહિલા ગર્ભવતી બને ત્યારે પુસવન સંસ્કાર થતો હતો. આ સત્કાર કુમાર કે કન્યા જન્મે થતો હતો. તે વખતે ધર્મશાસ્ત્રો કન્યાને પુત્ર સમાન ગણતા હતા. એ જ રીતે કન્યા અને કુમાર આઠ વર્ષના થાય ત્યારે બન્ને માટે સમાનભાવે ઉપનયન સંસ્કાર પણ થતો હતો.

કન્યાના લગ્ન વખતે માતા-પિતા કન્યાદાન કરે છે. તે દાનનું મહત્ત્વ પૃથ્વીદાન જેટલું ગણવામાં આવતું હતું. વળી, કન્યાદાનથી બીજું કોઈ મોટું દાન ગણવામાં નહોતું આવતું. રામના સમયમાં પુત્રવધૂને સ્વસુર ગૃહે ઉષ્માભર્યું સ્વાગત થતું હતું અને સન્માનવામાં આવતી હતી. તેથી જ તો મહારાજા દશરથે કૌશલ્યા, સુમિત્રા, કૈકઈ, ઊર્મિલા, માંડવી, શ્રૃતકીર્તિ આમ ચારે ભાઈની પુત્રવધૂઓનું ઉષ્માભર્યું સ્વાગત કરી સન્માનવામાં આવ્યા હતા.

સીતા અને ઉર્મિલા સગી બહેનો હતી. માંડવી અને શ્રૃતકીર્તિ પણ સગી બહેનો હતી.

લગ્નમાં દંપતિ આજીવન સુખદુઃખમાં અને ધાર્મિક તેમજ પરિવાર જીવનમાં એકબીજાને વચનબદ્ધ થતા હતા, જેનું ગંભીરતાથી આજીવન પાલન પણ થતું હતું.

રામાયણમાં પણ આદર્શ વૈવાહિક પ્રતિજ્ઞા લેવાનો ઉલ્લેખ જોવા મળે છે.

આપણા દેશમાં આવકારદાયક ગુરુકુળ શિક્ષણ પ્રણાલી ભારતમાં અંગ્રેજો આવ્યા પછી ધીમે ધીમે ભાંગતી ગઈ. તે વખતે ભારતના ૧૩૨૦૦૦ ગામડાંઓમાં ૭૫૦૦૦૦ ગુરુકુળો ધમધમતા હતા. એટલે ગામડે ગામડે ગુરુકુળનો ધમધમાટ હતો. આ પ્રથા ૧૦૫૦ સુધી ચાલુ રહી હતી. પછી અંગ્રેજોને ખટકવા લાગી એટલે આ પ્રથાના મૂળિયા ઉખેડી નાખ્યા અને અંગ્રેજી શાળાઓ શરૂ થઈ. આજે ૭૫ વરસે પણ ભારત હજુ ભાષાની ગુલામી ભોગવે છે. જે આપણે સૌ જાણીએ છીએ.

# શ્રીમાન જીમ કોર્બેટનું ભારત

**- રાજેન્દ્રભાઈ દવે**

વર્ષ ૧૮૭૫માં નૈનીતાલમાં અંગ્રેજ કુટુંબમાં જન્મેલા એડવર્ડ જેમ્સ કોર્બેટ - જીમ કોર્બેટ - એક બાહોશ શિકારી તથા શિકાર કથાઓના લેખક તરીકે વિખ્યાત છે. જો કે, પોતાની કારકિર્દીના ઉત્તરાર્ધમાં તેઓ બંદૂકને બદલે કેમેરા વાપરવાનું વધુ પસંદ કરતા. એમણે લખેલા પુસ્તકો પૈકી ''મેન ઈટર્સ ઑફ કુમાઉ'' અને ''મેન ઈટીંગ લેપર્ડ ઑફ રુદ્ર પ્રયાગ'' જેવા માનવભક્ષી વાઘ તથા દિપડાના શિકારની કથાના પુસ્તક વધુ પ્રચલિત છે. એમના એકાદ-બે ઓછા પ્રચલિત પુસ્તકોમાં એમણે ભારતના સામાન્ય માનવી, જેમની વચ્ચે તેઓએ પોતાના જીવનના સાત દશક વિતાવ્યા, તેમની સાથેના સંસ્મરણોને વાગોળ્યા છે. વર્ષ ૧૯૫૨માં પ્રકાશિત ''માય ઈન્ડિયા'' અથવા ''મારું ભારત'' એમનું આવું એક પુસ્તક છે, જેના કેટલાક ચૂંટેલા પ્રકરણનો ભાવાનુવાદ ઘરશાળામાં રજૂ કરવા વિચાર છે. નીચેનો લેખ આ શૃંખલાની પહેલી કડી છે.

શ્રી કોર્બેટ આખરે તો પોતાના કાળનું સંતાન હતા, તે સમયે પ્રચલિત માન્યતાઓ અને પૂર્વગ્રહોથી અલિપ્ત ન હતા. તેથી એમના લખાણમાં કોઈ-કોઈ જગાએ આપણી આધુનિક સંવેદનાને ઠેસ પહોંચાડે એવી સંસ્થાનવાદ, જાતિવાદ અને જ્ઞાતિવાદની છાંટ દેખાય એ સ્વાભાવિક છે. પરંતુ પુસ્તકમાં ભારોભાર છલકાતો ભારતના સામાન્ય માનવી પ્રત્યેનો લેખકનો પ્રેમ અને સન્માનનો ભાવ એ છાંટથી ક્યાંય વધુ ઘેરો છે. **- તંત્રી**

**પ્રસ્તાવના**

''તમે જેમને ભારતના કંગાળ કહો છે તે છે કોણ?'', ''તમે જેને 'મારું ભારત' કહો છો તે વળી શું ચીજ છે?'' તમારા મનમાં જો આવા પ્રશ્ન ઊઠે, તો તે વાજબી છે. ઉત્તર-દક્ષિણ દિશામાં બે હજાર માઈલ લાંબા અને પૂર્વ-પશ્ચિમ દિશામાં એટલા જ પહોળા આ વિશાળ દ્વિપકલ્પના સઘળા રહેવાસીઓને એક જ જૂથ, ''ભારતીય તરીકે ઓળખવાની દુનિયાને જાણે આદત પડી ગઈ છે.'' હકીકતે, આ વિશાળ ભૂમિ પર આવાસ કતા સમગ્ર માનવ-સમુદાય માટે માત્ર એક જ ઓળખનો વણ-વિચાર્યો ઉપયોગ અત્યાર સુધી ઘણી ગેરમસજ પેદા કરી ચૂક્યો છે. ભારતની ચાલીસ કરોડ જનતામાં વંશ, જાતિ તથા જ્ઞાતિની વિવિધતા આખા યુરોપમાં જોવા મળતી આવી વિવિધતા કરતા અનેક ગણી વધારે છે. ઉપરાંત તેમાં જોવા મળતું ધર્મ આધારિત વિભાજન કોઈ પણ બે રાષ્ટ્ર વચ્ચે જોવા મળતાં વિભાજનથી વધુ ઊંડું છે. યાદ રહે કે દેશના હિન્દુસ્તાન અને પાકિસ્તાન રૂપે પડેલા ભાગલાનું કારણ વંશ કે જાતિ નહિ, પણ ધર્મ છે. આટલી ભૂમિકા બાંધ્યા બાદ ચાલો, આ પુસ્તકનું શીર્ષક સમજાવવાનો પ્રયત્ન કરું.

જેના ગ્રામ્ય-જીવનનું શબ્દચિત્ર આ પૃષ્ઠો પર અંકિત થયું છે તે મારું ભારત, આ વિશાળ

ભૂખંડના બે ભાગ છે. એક જેને હું બાળપણથી જાણું છું, અને બીજો, જે મારી કર્મભૂમિ રહ્યો છે. જે સરળ માનવીઓની રીતભાત અને લાક્ષણિકતાનું આપના માટે આ પુસ્તકમાં નિરૂપણ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે, તેઓની સાથે ભારતના આ બે ભાગમાં મારા જીવનના આશરે સાત દાયકા વિત્યા છે. મારા ભારતનું સ્થાન જાણવા ભારતના નકશામાં, તેના દક્ષિણ છેવાડે આવેલ કામોરીન ભુશિરને (કેપ કામોરીન) જુઓ. હવે ત્યાંથી તમારી નજરને ઉપર, ઉત્તર દિશામાં સરકાવો, જ્યાં ગંગા-યમુનાના મેદાનનો ઢાળ સંયુક્ત પ્રદેશમાં હિમાલયની તળેટીની ટેકરીઓને મળે છે. ત્યાં તમને હવા ખાવાનું સ્થળ અને સંયુક્ત પ્રદેશ પ્રાંતની ઉનાળુ રાજધાની નૈનીતાલ દેખાશે. એપ્રિલથી શરૂ કરી નવેમ્બર સુધી ઉનાળાની મેદાની ગરમીથી બચવા ભાગી આવતા યુરોપિયન, તેમજ ધનાઢ્ય ભારતીયોથી નૈનીતાલ ખીચોખીચ ભરેલું રહે છે, પણ શિયાળામાં ત્યાં માત્ર રડ્યાખડ્યા કાયમી રહેવાસી જ બચે છે. મારા જીવનના મોટા ભાગ માટે હું નૈનીતાલનો આવો એક કાયમી રહેવાસી રહ્યો છું. હવે નૈનીતાલના હિલ સ્ટેશનને છોડી તમારી નજર ગંગા નદી સમુદ્રને મળવા જે તરફ વહે છે, તે તરફ, અલ્હાબાદ, બનારસ તથા પટણા શહેરોને વટાવી મોકામેહ ઘાટ સુધી દોડાવો. આ એ જગા છે, જ્યાં મારા જીવનના એકવીસ મહેનતુ વર્ષ વિત્યા છે. બસ, ભારતની આ બે જગ્યા - નૈનીતાલ અને મોકામેહ ઘાટ - પર જ આ પુસ્તકમાં સમાયેલા બધા શબ્દચિત્ર કેન્દ્રિત થયેલા છે.

નૈનીતાલ પહોંચવા માટે સંખ્યાબંધ પગદંડી ઉપરાંત એક પાકી સડક પણ છે. ભારતના બધા પર્વતીય રસ્તા કરતા સૌથી સારી રીતે બનેલા અને જેની સૌથી સારી દેખભાળ થાય છે એવા આ મોટર રસ્તા માટે અમે નૈનીતાલવાસી ખરેખર ગૌરવ લઈ શકીએ. છેલ્લાં રેલ સ્ટેશન કાઠગોદામથી શરૂ થતી, સરળ ઢોળાવ વાળી, બાવીસ માઈલ લાંબી આ સડક ૪,૫૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલા નૈનીતાલ પહોંચતાં પહેલાં એવા જંગલમાંથી પસાર થાય છે, જેમાં ક્યારેક વાઘ ઉપરાંત ભયાનક કાળા નાગ પણ દેખાય છે. નૈનીતાલ માટે કહી શકાય કે તે પૂર્વ-પશ્ચિમ ધરી વાળી, અને ત્રણ બાજુ ટેકરીઓથી ઘેરાયેલી એક ઘાટી છે. ૮,૫૬૯ ફૂટ ઊંચું ચીના શિખર શહેરની આસપાસની ટેકરીઓમાં સૌથી ઊંચું છે. કાઠગોદામથી આવતો મોટર-રસ્તો પૂર્વ બાજુના, ચોથા, ખુલ્લા છેડા મારફત ઘાટીમાં પ્રવેશે છે. ઘાટીમાં બે માઈલના ઘેરાવાવાળું એક સરોવર છે. સરોવરનો પાણીનો સ્રોત ઘાટીની ઉપરની બાજુએથી આવતું એક બારમાસી ઝરણું છે અને સરોવરનું વધારાનું પાણી ઘાટીના નીચલા છેડેથી બહાર નીકળી જાય છે. ઘાટીની ઉપરના છેડાથી શરૂ કરી નીચેના છેડા સુધી

બજાર લાગેલું છે, જયારે આસપાસની હરિયાળી ટેકરીઓ પર રહેઠાણ, ચર્ચ, શાળા, ક્લબ અને હૉટેલના મકાન પથરાયેલાં પડ્યાં છે. સરોવરના કિનારે નૌકા-વિહાર માટેના ઘાટ ઉપરાંત એક રમણીય હિંદુ મંદિર પણ છે, જેનો પુજારી આપણો જૂનો મિત્ર છે.

નૈની સરોવરના ઉદ્‌ગમ વિશે ભૂસ્તરશાસ્ત્રી એકમત નથી. એક મત મુજબ તેના ઉદ્‌ગમનું કારણ હિમનદી અને ભૂ-સ્ખલન છે. તો બીજા અનુસાર જ્વાળામુખી. ભૂસ્તરશાસ્ત્ર ભલે ગમે તે માને, પરંતુ હિંદુ માન્યતા પ્રમાણે તો સરોવરના નિર્માતા અત્રી, પુલ્તસ્ય અને પુલાહા નામના ત્રણ ઋષિ છે. પવિત્ર સ્કંદ પુરાણ અનુસાર કોઈક પાપનું પ્રાયશ્ચિત કરવા તીર્થયાત્રા પર નીકળેલા આ ત્રણ ઋષિ ફરતા-ફરતા ચીના શિખર પર આવી પહોંચ્યા. ત્યાં તેમની તરસ છિપાવે એવો પાણીનો કોઈ સ્ત્રોત જોવા ન મળતા તેમણે શિખરની તળેટી પર એક સરોવર ખોદી કાઢ્યું અને તેમાં ભરવા સારુ તિબેટના માનસરોવરનું પાણી લઈ આવ્યા. ઋષિની વિદાય પછી સરોવરના પાણીમાં દેવી નૈનીનો નિવાસ થયો. કાળક્રમે સરોવરની આસપાસ જંગલની ઝાડી ઊગી નીકળી અને સરોવરના પાણી તથા ઝાડીથી આકર્ષિત થઈ મોટી સંખ્યામાં પશુ-પક્ષીઓએ જંગલને પોતાનું ઘર બનાવી લીધું. નૈનીદેવીના મંદિરની આસપાસ ચાર માઈલની ત્રિજ્યામાં મેં બીજા પ્રાણીઓ ઉપરાંત વાઘ, દીપડા, રીંછ અને સાબર જોયાં છે, અને ૧૨૮ જાતના પક્ષી ઓળખ્યાં છે.

શરૂઆતના સમયના બ્રિટિશ અફસરો પાસે નૈની સરોવરના અસ્તિત્વની અફવા માત્ર હતી. પહાડી લોકો પોતાના પવિત્ર સરોવરનું સ્થાન તેમને બતાવવા હરગિજ તૈયાર ન હતા. અંતે વર્ષ ૧૮૩૯માં એક અફસરે એક તરકીબ વિચારી. એક પહાડીના માથા પર મોટો પથ્થર મૂકી અફસરે તેને હુકમ કર્યો કે આ પથ્થર હવે દેવીના મંદિર પાસે જ તેના માથા પરથી ઉતરશે. ગોરા સાહેબને છેતરવા પહાડી ત્રણ-ચાર દિવસ તો માથે પથ્થર ઉપાડી આમતેમ ફર્યો પણ અંતે થાકીને, તેણે નૈનીદેવીનું સ્થાનક બતાવી જ દીધું! હું નાનો હતો ત્યારે મેં આ કથિત પથ્થર જોયો હતો. ૧૦૦ પાઉન્ડ વજનનો ભારે પથ્થર ઉપાડીને કોઈ શી રીતે આટલું લાંબુ ચાલી શકે તેવા મારા સંશયનો જવાબ? ''જૂના સમયમાં આપણા માણસો ખૂબ કદાવર હતાં!''

હવે ચાલો, આપણે નૈનીતાલની આસપાસના પ્રદેશનું વિહંગાવલોકન કરીએ. એક સારું દૂરબીન લઈ, મારી સાથે ચીના શિખરની ટોચ પર ચાલો. શિખર પહોંચવા માટેનું સીધું ચઢાણ ખૂબ અઘરું જરૂર છે, પરંતુ જો તમને વૃક્ષ, ફૂલ અને પક્ષીઓમાં રસ હોય તો ચઢાણ આકરું નહીં લાગે! વળી, પ્રાચીન

ઋષિઓની પેઠે, ચઢાણ પછી તમે જો તરસ્યા થાવ, તો તમારી તરસ છિપાવવા હું ઠંડા, નિર્મળ પાણી વાળું એક ઝરણું પણ તમને બતાવી શકું છું. શિખર પર પહોંચી, સાથે લાવેલું ભાથું ખાઈ, થોડો આરામ કરી, તમારી નજર ઉત્તર તરફ દોડાવો. શિખરની એકદમ સામે, નીચે ઝાડથી ભરેલી ઊંડી ખીણ છે, જેના તળિયે કોસી નદી વહે છે. નદીને પેલે પાર એકબીજાને સમાંતર અને નાના-નાના ગામથી છવાયેલી ટેકરીઓની અગણિત હારમાળા દેખાશે. આવી એક હારમાળા પર અલમોડા શહેર વસેલું છે અને બીજી એક પર રાણીખેતની લશ્કરી છાવણી. ટેકરીઓની આવી હારમાળાથી આગળ તેનાથી વધુ ઊંચી ટેકરીઓ દેખાય છે. આ ટેકરીઓમાં સૌથી ઊંચો ૧૪,૨૦૦ ફૂટનો બુક્વાલ ડુંગર છે, જે પોતે, તેની પાછળ દેખાતા, બરફથી ઢંકાયેલા હિમાલયના શિખરો આગળ વામણો લાગે છે. તમે જ્યાં ઊભા છો, ત્યાંથી ઉત્તર દિશામાં બિલકુલ સીધી રેખામાં ૬૦ માઇલ દૂર ત્રિશૂલ શિખર દેખાશે. ૨૩,૪૦૬ ફૂટ ઊંચા આ ઉત્તુંગ શિખરની પૂર્વ અને પશ્ચિમ દિશામાં બરફાચ્છાદિત પર્વતની અતૂટ શ્રેણી સેંકડો માઈલ સુધી પથરાયેલી દેખાશે. ત્રિશૂલની પશ્ચિમે, જ્યાં બરફ થોડો આછો દેખાય છે ત્યાં ગંગોત્રી પર્વતમાળા છે. ત્યારબાદ એક હિમનદી અને તેના પછી પવિત્ર કેદારનાથ ધામ અને બદરીનાથ ધામ ઉપરના પર્વત શિખર અને તેમની પશ્ચિમે શ્રીમાન સ્મીથે જેને ખૂબ જાણીતું બનાવી દીધું છે, તે વિખ્યાત કેમેટ શિખર! ત્રિશૂલની પૂર્વ દિશામાં, તેનાથી થોડે પાછળ તમને ભારતના સૌથી ઊંચા શિખર નંદાદેવી (૨૫,૬૮૯ ફૂટ)ની ટોચ દેખાશે તો તેનાથી જમણી તરફ દેવી પાર્વતીનું એક પણ ડાઘ વિનાનું ઓશીકું નંદા કોટ. તેની પૂર્વ તરફ જતાં પાંડવોએ તિબેટના કૈલાસ શિખરની યાત્રા દરમ્યાન જેનો ઉપયોગ કર્યો હતો તે પાંચ ચૂલા (પંચ ચૂલી)ના સુંદર શિખર છે.

આ કોસી નદી તિબેટથી નીકળી, નેપાળના રસ્તે ભારતમાં પ્રવેશ કરતી કોસી નદીથી અલગ છે. ઉષાના આગમન સમયે, જ્યારે ચીના અને બીજી નાની ટેકરીઓ હજુ રાત્રિના ઓળામાં ઘરાયેલી હોય, ત્યારે આ બરફાચ્છાદિત શિખરોનો રંગ ઘેરા વાદળીમાંથી બદલાઈ ફુલ-ગુલાબી બની જાય છે. અને આસમાનને અડતાં શિખરોને સૂર્ય જેમ-જેમ એક-પછી-એક સ્પર્શતો જાય, તેમ-તેમ તેમનો રંગ ફરી એક વાર બદલાઈને ગુલાબીમાંથી ચમકદાર સફેદ બને છે. દિવસ દરમ્યાન આ શીત-સફેદ શિખરો પોતાની ઉપર પક્ષીના પીંછા જેવી દેખાતી ઝીણાં બરફની ધુમ્રસેર વડે સુશોભિત બને છે. આથમતા સૂર્યના પ્રકાશમાં તો આખું દશ્ય દૈવી ચિત્રકારની મરજી અનુસાર

ગુલાબી, સોનેરી કે પછી લાલ રંગ વડે રંગાઈ જાય છે!

હવે તમે બરફ તરફ પીઠ ફેરવી દક્ષિણ તરફ મોં કરો. તમારી નજર જ્યાં સુધી પહોંચે ત્યાં દૂર, તમને ત્રણ શહેર, બરેલી, કાશીપુર અને મુરાદાબાદ જોવા મળશે. આ ત્રણે શહેર કલકત્તાથી પંજાબ જતી રેલ લાઈન પર આવેલા છે, અને તે પૈકી સૌથી નજીકનું કાશીપુર, તમે ઊભા છો તે જગાથી સીધી રેખા પર ૫૦ માઈલ દૂર છે. રેલ લાઇન અને હિમાલયની તળેટીની ટેકરીઓ વચ્ચેનો પ્રદેશ ત્રણ પટ્ટામાં વહેંચાયેલો છે. રેલ લાઈન પાસેનો ૨૦ માઈલ પહોળો પટ્ટો ખેતરોથી ભર્યો પડ્યો છે. ત્યાર પછીનો ૧૦ માઈલ પહોળો, ઘાસથી છવાયેલ પટ્ટો, તરાઈ તરીકે ઓળખાય છે. છેવટના, તળેટીની ટેકરીઓની લગોલગ, ઝાડી વડે ઢંકાયેલા દસ માઈલ પહોળા ભાબર નામે ઓળખાતા પટ્ટામાં જંગલ કાપીને ખુલ્લી કરેલી, ઝરણા પડે સિંચાતી, ફળદ્રુપ જમીન પર ઘણા ગામ વસી ગયા છે.

સૌથી નજીકનો આવો ગ્રામ-સમૂહ, આપણે જ્યાં ઊભા છીએ ત્યાંથી પંદર માઈલના અંતરે કાલાધૂંગીનો છે. આ ગ્રામ-સમૂહની ઉપરના ભાગે તમને અમારું ત્રણ માઈલ લાંબી દિવાલથી ઘેરાયેલું છોટી-હલ્દવાની ગામ દેખાશે. આ ગામમાં, નૈનીતાલથી આવતી સડક જ્યાં તળેટીની ટેકરીઓને અડીને પસાર થતા રસ્તાને મળે છે, ત્યાં અમારું ઘર છે. આપણે જ્યાં ઊભા છીએ તે જગાએથી મોટા વૃક્ષોથી ઘેરાયેલ અમારા મકાનની માત્ર છત જ જોઈ શકીએ છીએ. એ તરફથી તળેટી-ટેકરીઓ ઘણા ભાગે લોહ-ખનીજની બનેલી છે. હકીકતે, ઉત્તર ભારતની લોખંડ ગાળવાની ભટ્ઠી સૌથી પહેલા કાલાધૂંગીમાં જ નખાઈ હતી. ભટ્ઠીમાં બળતણ તરીકે જંગલનું લાકડું વપરાતું. કુમાઉના રાજા સમાન ગણાતા જનરલ સર હેન્રી રામસેને ચિંતા હતી કે લોખંડ ગાળવાની ભટ્ઠીઓ ભાબરના જંગલ ખાઈ જશે. તેથી તેમણે બધી ભટ્ઠીઓ બંધ કરાવી દીધી.

કાલાધૂંગી અને તમે જેના પર ઊભા છો તે ચીના શિખર વચ્ચેની નીચી ટેકરીઓ ગાઢ જંગલથી છવાયેલી છે. આ જંગલમાં ઉગતા સાલ વૃક્ષ અમારી રેલ લાઈન માટે સ્લીપર અને ટાઇ પુરા પાડે છે. ટેકરીઓની સૌથી નજીકની બે હારમાળા વચ્ચે પડતાં સળમાં નાનકડું ખુર્પાતાલ સરોવર લપાઈને બેઠું છે. આ સરોવરની આસપાસના ખેતરોમાં ભારતના સર્વશ્રેષ્ઠ બટાકા પાકે છે. જમણી બાજુએ દૂર જોતાં તમને ગંગા નદીના પાણી પર ચમકતો સૂર્ય દેખાશે, તો ડાબી બાજુ એવી જ ચમક શારદાના પાણી પર દેખાશે. આ બે નદીઓ જ્યાં ટેકરીઓમાંથી બહાર નીકળી મેદાનમાં પ્રવેશ કરે છે એ બે જગા વચ્ચેનું અંતર ૨૦૦ માઈલ છે.

તમારી નજર હવે પૂર્વ દિશામાં દોડાવો. ત્યાં તમારી સામે નજીક તથા મધ્યમ અંતરે, ગેઝેટીયર જેને ''આઠ સરોવરનો પ્રદેશ'' તરીકે ઓળખાવે છે, તે પ્રદેશ દેખાશે. આઠ પૈકી ઘણા સરોવર તો મારી નજર સામે જ કાંપથી ભરાઈ ગયા છે. જેને ખરેખર ''સરોવર''ની કક્ષામાં મૂકી શકાય તેવા હવે માત્ર નૈનીતાલ, સાતતાલ, ભીમતાલ, અને નાકુચીયાતાલ એટલાં જ બચ્યા છે. નાકુચીયાતાલથી આગળ એક શંકુ આકારની ટેકરી, ''છોટા કૈલાસ'' છે. આ પવિત્ર ટેકરી પર પશુ-પક્ષીના શિકાર માટે દેવતાની આણ છે. દેવ-આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર છેલ્લો માનવી, ગયા યુદ્ધ દરમિયાન રજા પર ઘરે આવેલો એક સિપાહી હતો. ટેકરી પર પહાડી બકરીનો શિકાર કર્યા બાદ તે પોતાના બે સાથીની નજર સામે જ અચાનક ડગલું ચૂકી હજાર ફૂટ ઊંડી ખીણમાં પડી મૃત્યુ પામ્યો! છોટી કૈલાસથી આગળ ચાલતાં જ્યાં મેં ચૌગઢના માનવભક્ષી વાઘનો બે વર્ષ સુધી પીછો કર્યો હતો તે કાલા આગાર ડુંગરમાળા દેખાય છે, અને તેની આગળ ઝાંખા એવા નેપાળના પર્વત શિખર.

ચાલો, હવે પશ્ચિમ તરફ નજર માંડીએ. પણ એ પહેલાં તમારે સો-બસો ફૂટ નીચે ઉતરીને ચીનાની બાજુના ૭.૯૯૧ ફૂટ ઊંચા, પથરાળ શિખર દેવપટ્ટા પર જગા લેવી પડશે. તમારી બિલકુલ નીચે જંગલથી ભરેલી ઊંડી અને પહોળી ખીણ છે. જે ચીના અને દેવપટ્ટા શિખરની વચ્ચેના ભાગથી શરૂ થઈ, દાચૌરી થઈને કાલાધૂંગી સુધી પહોંચે છે. હિમાલયની બીજી કોઈ પણ ખીણ પશુ-પક્ષી અને વનસ્પતિ વડે આ ખીણ કરતાં વધુ સમૃદ્ધ નથી. આ સુંદર ખીણથી આગળ ટેકરીઓની વણથંભી હારમાળા સો માઈલ દૂર ગંગા નદી - જેના પાણી પર ચમકતો સૂર્ય તમે જોઈ શકો છો - સુધી પહોંચે છે. આગળ, નદીને સામે પાર, શિવાલિક પર્વતમાળા છે, જે હિમાલયના જન્મ સમયે પણ પ્રાચીન હતી!

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ થી ચાલુ)

તે સુખ શું કામનું? આપણે તો વસુધૈવ કુટુમ્બકમ્‌માં માનનારા છીએ. સ્પર્ધા કરવી જ પડે તો કરીએ પરંતુ તેનાથી કટૂતા ન થાય, ઉદ્વેગ-અશાંતિ ન થાય, વેર-વૈમન્સય ઊભું ન થાય, તેની જરૂરથી કાળજી રાખીએ. શક્ય હોય ત્યાં સુધી હરિફાઈ ટાળી શત્રુતા ઉત્પન્ન ન થાય તેવું વાતાવરણ તૈયાર કરવાની કાળજી રાખીએ.

લીલા - સૂકા તણાવ છૂટતા જાય છે,
કાળા - ધોળા લગાવ છૂટતા જાય છે.
વૃક્ષો ભેળાં તળાવ છૂટતા જાય છે,
પંખી, માળા, પડાવ છૂટતા જાય છે.

**- વર્ષા પ્રજાપતિ 'ઝરમર'**

# હરિફાઈ - શત્રુતાની જનની

- રણછોડ શાહ

આજનો યુગ ગળાકાપ સ્પર્ધાનો છે. સૌ કોઈપણ પ્રકારે હરિફાઈમાં વિજેતા બનવા માટે કાંઈપણ કરવા તત્પર છે. મહાન બાળકેળવણીકાર અને મૂછાળી માનું બિરૂદ ધરાવતા ગિજુભાઈ બધેકાએ શાળાના બાળકોમાં સ્પર્ધાની ટેવ ન પડે માટે હરિફાઈઓ યોજવાનું ટાળવા કહ્યું હતું. જો કદાચ તેમ કરવું પડે તો પણ તેને ઈનામો આપી એકબીજા તરફ ઈર્ષાના બીજારોપણથી દૂર રહેવા ભારપૂર્વક જણાવ્યું હતું. પરંતુ વર્તમાન સમાજ અને શિક્ષણે આ મહામૂલી શિખામણને અભરાઈએ ચડાવી દીધી છે. વ્યક્તિને સફળતા પ્રાપ્ત થાય ત્યારે તેને ખુશી થવી સ્વાભાવિક છે. તેથી તે અન્યને જણાવવા ઉત્સુક હોય છે. પરંતુ તમારી ખુશી અન્યોને પણ ખુશ જ કરે તેવું હંમેશા બનતું નથી. ક્યારેક તો તેમાંથી ઈર્ષા ઉત્પન્ન થાય છે. તો ક્યારેક બે જણ વચ્ચે કડવાશ ઊભી કરવાનું કારણ બની જાય છે.

વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા યોજવાની અને બિનજરૂરી દેખાડો કરવાની ટેવ પડી ગઈ છે. રમત-ગમતમાં હરિફાઈ થાય કે સમાજ-શાળામાં કોઈ સ્પર્ધા યોજાય ત્યારે વિજેતાક્રમ જાહેર કરવાની પ્રથા તળિયા સુધી પહોંચી ગઈ છે. બીજો નંબર પહેલા નંબરની અને ત્રીજો નંબર પહેલા-બીજા નંબરની ઈર્ષા કરે છે. ઈર્ષા-અદેખાઈમાં હંમેશા સૂક્ષ્મ હિંસા જ રહેલી હોય છે. રમત-ગમતમાં એક ટીમ હારે ત્યારે જ બીજી ટીમ જીતે છે. હારેલી ટીમમાં નિરાશા વ્યાપી જાય છે. ફરીથી રમતમાં ઉતરે ત્યારે સામેની ટીમને શત્રુની નજરે જુએ છે. મહાત્મા ગાંધીએ ભારતની આઝાદી અપાવવાના પાયામાં સત્ય અને અહિંસાને રાખ્યા. આ બે પાયાના સદ્‌ગુણોનો કોઈપણ હરિફાઈમાં મોટાભાગે છેદ ઊડી જાય છે. આજે તો મિસ વર્લ્ડ અને મિસ ઈન્ડિયાની સ્પર્ધામાં ભાગ લેતા યુવાવર્ગને જોઈએ તો એ વાત સ્પષ્ટપણે સમજાશે કે પહેલો ક્રમ પ્રાપ્ત કરવા તમામ નીતિ-નિયમોને નેવે મૂકવા તૈયાર છીએ. ક્રિકેટ, ફૂલબોલ કે અન્ય રમતોમાં સૌ ઝનૂનપૂર્વક આક્રમકતાથી રમી સામેની ટીમને હરાવવા મેદાનમાં ઉતરે છે. 'ઝનૂન' શબ્દમાં જ હિંસા અભિપ્રેત છે. સમાચારપત્રો જીતેલી ટીમ માટે એવા સમાચાર લખે છે કે સામેની ટીમને 'ધૂળ ચટાવી દીધીને!'', 'ચગદી નાંખીને!' વગેરે. આવી ભાષા રમતગમત ક્ષેત્રે યોગ્ય નથી. જીત પ્રાપ્ત કરેલ ટીમ હારેલી ટીમની શત્રુ નથી, માત્ર પ્રતિસ્પર્ધી છે.

પૂર્ણ સંતોષી છું બેડો પાર લાગે છે,
એક બે છાંટાય મને મુશળધાર લાગે છે.
જીતવામાં ક્યાં હવે કૈં સાર લાગે છે,
સાવ સાચો તર્ક પણ તકરાર લાગે છે.
- શોભિત દેસાઈ

બીજી બાજુ વ્યવસાયના વિકાસમાં તો સ્પર્ધાનું બજાર બેસુમાર ઘાતકી રીતે આગળ વધવા તૈયાર થઈને બેઠું છે. ઝોમેટોવાળા ૩૦ મિનિટમાં પહોંચાડતા હોય તો બ્લીન્ક-ઈટ ૨૦ મિનિટમાં માલ પહોંચાડવા તત્પર છે! કરોડો રૂપિયાની તેમની જાહેરાતોથી દૈનિક સમાચાર પત્રોના પાના ઊભરાઈ જાય છે. આ ઝડપમાં ક્યારેક અકસ્માત કરી બેઠેલ યુવાનનો જીવ જાય ત્યારે સૌ 'ઢોળાયેલા દૂધ ઉપર આંસુ સારે છે.' આટલી બધી ઉતાવળ કરવાની શી જરૂર હતી તેવી સુફિયાણી સલાહ ત્યારે સૌ આપે છે. પરંતુ પેટ્રોલ-ડીઝલથી ચાલતા વાહનોમાં ઝડપને અગ્રતાક્રમે મૂકી બધી જ કંપનીઓ બીજા કરતાં ક્ષમતાવાળા વાહનો તૈયાર કરતા હોવાની જાહેરાત કરવામાં કોઈ પાછું વાળીને જોતા નથી. મોટા અને મધ્યમ કક્ષાના શહેરો ગગનચૂંબી રહેઠાણની ઈમારતોથી ઊભરાઈ રહ્યા છે. દશથી માંડીને પંદર માળ સુધીના મકાનો સામાન્ય થઈ ગયા છે. તેમાં અંદરોઅંદરની સ્પર્ધામાં પર્યાવરણનું સત્યાનાશ વળી રહ્યું છે તે કોણ કોને સમજાવે?

પથ્થરો પોલા નીકળશે શી ખબર?
મિત્રો સહુ બોદા નીકળશે શી ખબર?
એમની આંખો ભીંજાઈ'તી ખરી,
આંસુઓ કોરાં નીકળશે શી ખબર?
- ચિનુ મોદી

આપણે એવું સમજી બેઠા કે વિકાસ કે પ્રગતિ કરવી હોય તો સ્પર્ધા તો કરવી જ પડે! સ્પર્ધા ન હોય તો વિકાસ કેવી રીતે થાય? સ્પર્ધા તો પ્રગતિની જનની છે. વિશ્વના અનેક દેશોએ હરિફાઈ કરી માટે તો તેઓ વિકસીત કે વિકાસશીલ બની ચૂક્યા છે વગેરે જેવી અયોગ્ય માન્યતાઓ ઘર કરી ગઈ છે. પરંતુ વિકાસની આડપેદાશો તરફ 'આંખ આડા કાન કર્યા'. જો મનુષ્ય મનુષ્ય વચ્ચે ઈર્ષા, અદેખાઈ, હિંસા વગેરે વધવાના હોય તો તે પ્રગતિ શું કામની? આખરે તો જીવન જીવવા માટે સુખ અને શાંતિ અતિઆવશ્યક છે નહીં કે ઉદ્વેગ, કકળાટ કે તાણ. સ્પર્ધાને કારણે તો હરિફોમાં જબરદસ્ત તાણ પેદા થાય છે. આ તાણ તેના મનની શાંતિ હરી લે છે. કદાચ અત્યંત કપરી સ્પર્ધામાં વિજેતા થયા બાદ સામે હારેલા ઉમેદવારને જોઈને જો દયા કે અનુકંપા ન થતી હોય તો માનવ તરીકે માણસાઈ ચૂકી જવાય છે તેવું નથી લાગતું? આપણે તો હારેલા-નિરાશ થયેલાને આશ્વાસન આપી ઊભો કરવાના બદલે પડતા ઉપર પાટુ મારીએ છીએ.

માત્ર મારું આંગણું ચોખ્ખું હશે પરંતુ પાડોશીનું ગંદુ હશે તો તેવી ચોખ્ખાઈ શા કામની? હું સુખી, પરંતુ મારો પાડોશી દુઃખી તો

(અનુસંધાન પૃષ્ઠ ૨૨ ઉપર)

# બાળઉછેર : પરિવાર શું આપી શકે?

- ડૉ. ધર્મેન્દ્ર પટેલ

અંગ્રેજીમાં એક કહેવત છે - 'ધી ચાઈલ્ડ ઈઝ એઝ ઓલ્ડ એઝ હીઝ એનસેસ્ટર્સ' એટલે કે બાળક એટલું જ જૂનવાણી હોય છે જેટલાં તેનાં પૂર્વજ. કહેવાય છે કે એક વાર ગ્રીસ દેશના મહાન ગુરુ સોક્રેટિસ પાસે એક સ્ત્રી આવી. અને આવીને એણે પૂછ્યું : 'મારું બાળક બે વર્ષનું થયું છે. મારે ક્યારથી એનું શિક્ષણ શરૂ કરવું?

સોક્રેટિસે સરસ જવાબ આપ્યો : 'આજથી જ'. આમેય તમે અઠ્ઠાણું વર્ષ મોડાં છો. ખરેખર તો બાળકનું શિક્ષણ ગર્ભમાં આવવાનાં સો વર્ષ પહેલાથી શરૂ થઈ જવું જોઈએ. 'પેલી સ્ત્રી માટે જવાબ અકલ્પનીય હતો. પણ વાસ્તવિકતા તો આ જ છે. શિક્ષણનું સત્ય આ જ છે.

સો વર્ષ પહેલાં કોઈ બાળકનું અસ્તિત્વ હોતું નથી. પણ તેનાં મૂળ તો નક્કી જ હોય છે. બાળકનાં દાદા-દાદી કે પરદાદા-પરદાદીની મનઃસ્થિતિ, તેમનાં આચારવિચાર અને વર્તન, તેમની રહેણીકરણી, આહારવિહારથી જ બાળકનું નિર્માણ થાય છે. બાળકના જન્મ પહેલાંની તૈયારી મહાનવલની પ્રસ્તાવના જેવી બની રહેતી હોય છે.

જરા, આપણો ભવ્ય ભૂતકાળ તપાસો. મહામાનવ રામ તેમના પૂર્વજોના તપનું પરિણામ હતા. રઘુ, દિલીપ અને અજ જેવા પરમ તેજસ્વી પૂર્વજોનું તેજ લઈને રામ આવ્યા હતા. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે આજનું બાળક એ કંઈ કેટલીય પેઢીઓના તપનું પરિણામ છે. કેટલીય પેઢીઓના આચારવિચાર અને આહારવિહારનો સરવાળો છે. એટલે તો કહેવાય છે કે સંતાન ગર્ભમાં આવે તે પહેલાથી જ માતાપિતાએ પોતાની શારીરિક અને માનસિક તૈયારી શરૂ કરી દેવી જોઈએ. બાળક એ માતાપિતાના શારીરિક અને માનસિક બીબાં પ્રમાણે ઢળેલું, સમાજ તથા સંસ્કૃતિ દ્વારા સંસ્કારિત થયેલું એક માટીનું પૂતળું જ છે જાણે! જેવાં માતાપિતા હશે, તેવાં જ સંતાનો બનશે.

બાળક એ પેઢીઓનાં ગુણો લઈને અવતરે છે. જો આવનારાં સો વર્ષમાં પોતાની પેઢીને ઉત્તમ જોવા ઈચ્છતા હોય તો એની તૈયારી આજથી જ કરી દેવી જોઈએ. અને એની તૈયારી કરવી પડે છે પરિવારની પ્રયોગશાળામાં.

હા, પરિવાર જ સૌથી મોટી પ્રયોગશાળા છે. એમાં આજની પેઢીનું સોનેરી ભવિષ્ય તૈયાર કરવાનું હોય છે. ખૂબ કાળજી અને ભારે ચીવટથી જો કામ કરવામાં આવે તો એમાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય છે.

**ભાવિ પેઢીનાં નિર્માણ માટે પરિવારની ભૂમિકાઃ**

સામાન્ય રીતે આપણે આજનો વિચાર

કરીએ છીએ. અને વધુમાં વધુ આવનારાં પાંચ-પંદર વર્ષનો વિચાર કરીને ચાલીએ છીએ. પણ જો આખી પેઢીને ધ્યાને રાખીને ચાલવાનું વિચારીએ તો આજના પરિવાર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. માતાપિતાએ અને પરિવારે આવનારા સમયને અનુલક્ષીને વિશાળ દૃષ્ટિકોણથી વિચારવું જોઈએ. એમનું આજનું એક એક પગલું આવનારા સમયમાં, એનાં સંતાનનાં હિતને ધ્યાનમાં રાખીને ભરાવું જોઈએ.

આજે આપણો સમાજ દિવસે દિવસે દુઃખી થતો જાય છે. આપણી પાસે પ્રગતિ માટેનાં તમામ સાધનો અને સ્રોત ઉપલબ્ધ હોવા છતાં ઉન્નતિ અને પ્રગતિના બધા જ માર્ગો રૂંધાઈ ગયેલા જણાય છે. આપણો સમાજ દિવસે દિવસે પતિત થતો જઈ રહ્યો છે. કારણ છે આપણી સામાજિક ભાવનાનો હ્રાસ. જો સમાજને પ્રગતિશીલ બનાવવો હોય તો આવનારી પેઢીનું નવનિર્માણ કરવું અતિ આવશ્યક છે.

સમાજનું નવનિર્માણ કરવું અઘરું નથી, પરંતુ આપણે એ દિશામાં વિચારવું તો જરૂરી જ છે. આવનારી પેઢીનું નવનિર્માણ કરવા માટે આપણી સામે રહેલાં બાળકોને તૈયાર કરવા પડશે. તેનો માનસિક પાયો કોમળ અને નિર્વિકાર હોય છે. એટલે તેમાં વાવવામાં આવેલું બીજ અતિ સહેલાઈથી ફૂલેફાલે છે. સામાજિક કલ્યાણ થકી જ રાષ્ટ્ર અને જગતનું કલ્યાણ સિદ્ધ કરી શકાય છે. અને એના માટે બાળકોનું ચોક્કસ રૂપમાં નિર્માણ કરવું જોઈએ. બાળકોનું સૌથી પ્રભાવી અને સફળ નિર્માણ ઘરમાં જ તેનાં માતા-પિતા દ્વારા થઈ શકે છે.

આજે ઘર ઘર રહ્યાં નથી, મકાન બની ગયાં છે! ઘરમાં મળતો પ્રેમ, સ્નેહ અને હૂંફ મકાનની રંગેલી દીવાલોમાં ખોવાઈ ગયા છે. પરિવારે બાળકને સંવેદનાના આશીર્વાદ આપવાના છે. બાળકને લાગણીનું વરદાન આપવાનું છે. બાળકની આંખમાં સમદૃષ્ટિ આંજવાની છે. એના હોઠ પર પ્રેમનું ગીત વહેતું મૂકવાનું છે. એના કાનમાં કોઈનો આર્તનાદ સાંભળી શકવાની શક્તિ મૂકવાની છે. એ બદબૂના પ્રદેશમાં પણ સુવાસને શ્વસી શકે એવી તાકાત એના નાકમાં મૂકવાની છે. કોઈની મદદ માટે હરહંમેશ તૈયાર રહે તેવી તત્પરતા એના હાથમાં મૂકવાની છે. શુભકાર્યો માટે જટાયુવૃત્તિથી દોડી શકે તેવો વેગ એના પગમાં પહેરાવવાનો છે. પરિવારે બાળકને સમગ્ર માનવજાતિનું બનાવવાનું છે.

**ઘરનું સૌહાર્દપૂર્ણ ભાવાવરણ :**

બાળકોને ઘરમાં ભાવાવરણ મળવું જોઈએ. સાથે રમીએ, સાથે જમીએ, સાથે કરીએ સારાં કામ... આવી ભાવનાથી એકમેક સાથે જીવતો પરિવાર જ આવું ભાવાવરણ સર્જી શકે.

આનાથી તેમનામાં ઉદાર ભાવનાઓનો વિકાસ થશે. તેમનામાં પ્રત્યેક માટે માનસન્માનની લાગણી જન્મશે. વડીલો માટેનો આદર અને સમાન વયનાઓ માટે સમતાનો ભાવ કેળવાશે. એમાંય જો સંયુક્ત

પરિવાર હોય તો બાળકોમાં સમતા, ન્યાય અને પારસ્પરિકતાનો ભાવ વધારે સારી રીતે કેળવાય છે. બાળકમાં સ્વયં જવાબદારીની ભાવના જન્મે છે. એ મેહમાનોને આવકારે છે. એને પાણીનો પ્યાલો ધરે છે. અને ભોજન પીરસી જમાડે પણ છે. તેનામાં રહેણીકરણી, પહેરવા-ઓઢવા અને ઊઠવા-બેસવાનો વિવેક આવી જ જાય છે. તે પરિવારની સાથે રહીને શિષ્ટાચાર શીખી જાય છે. ઘરમાં સગાંસંબંધીઓની આવનજાવન ચાલુ રહેવાથી બાળકમાં મળતાવડાપણું આવી જાય છે. એ બધાંની સાથે હળીમળી શકે છે.

બાળકને સમાજના આંગણામાં મૂકતાં પહેલાં પરિવારે તેને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઘડવું પડે છે. જો ઘરનું વાતાવરણ ભાવાવરણ હોય તો, બાળકનું પરોક્ષ ઘડતર થતું જ રહે છે.

ઘરના વડીલોની એ ફરજ છે કે ઘરમાં સૌહાર્દપૂર્ણ ભાવાવરણ સર્જે. રોજ સાંજે સાથે વાળું કરે. સપ્તાહમાં એક વાર ઘરસભા કરે. સૌને પોતાની વાત મૂકવાની સ્વતંત્રતા આપે. પ્રત્યેકને ધ્યાનપૂર્વક સાંભળવામાં આવે. જો આમ થાય તો ઘરનું ભાવાવરણ જ બાળઉછેર કરતી પાઠશાળા બની જાય એમાં કોઈ શંકા નથી.

**પરિવાર દ્વારા પ્રછન્ન રીતે નૈતિકતાનું શિક્ષણ :**

બાળકને નૈતિક શિક્ષણ આપવાની ફરજ પરિવારની છે. ખૂબ નાની ઉંમરથી પરિવારે બાળકને નૈતિક આચરણના મૂળભૂત સિદ્ધાંતોથી પરિચિત કરાવી દેવા જોઈએ. જ્યારે બાળક કોઈ સારું કાર્ય કરે છે ત્યારે તેની પ્રશંસા કરવી જોઈએ. આવી પ્રશંસા તેને સારાં કાર્યો કરવા પ્રોત્સાહન આપશે. અને જો બાળક કોઈ અયોગ્ય કાર્ય કરે છે તો એને બેસાડીને બહુ પ્રેમપૂર્વક તેની ભૂલ બતાવવી જોઈએ. અયોગ્ય કાર્ય કરવાથી શું થાય અને તેનું કેટલું ભયંકર પરિણામ મળે તે વિશે જણાવવું જોઈએ.

**વડીલોનો આદર અને મહેમાનોને આવકાર :**

બાળક પાંચેક વર્ષનું થાય ત્યાં સુધીમાં તેનામાં આજ્ઞાંકિતતાની ટેવ રોપવી જોઈએ. જેમ જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેમ તેને ખોટું ન બોલવું, બીજાની નિંદા ન કરવી, ગાળો કે અપશબ્દો ન બોલવા, કાયરતા ન બતાવવી, બીજાને નુકસાન ન કરવું, સમાજ કે રાષ્ટ્રની સંપત્તિને સાચવવી, મિત્રો સાથે દગો ન કરવો, કોઈની વસ્તુ પડાવી ન લેવી, ચોરી ન કરવી, કોઈનો તિરસ્કાર ન કરવો, કોઈનું અપમાન ન કરવું...આટલી બાબતો વિશે તો સમજણ આપવી જ જોઈએ.

બાળકના નૈતિક વિકાસ પર ઘરના વાતાવરણનો બહુ મોટો પ્રભાવ પડે છે. પરિવાર તો બાળકની પ્રથમ પાઠશાળા છે. એ બાળકને સારી બાબતોનું અનુકરણ કરતાં શીખવે છે. સામાજિક સદ્‌ભાવ રાખીને સદ્‌વર્તન કરતાં શીખવે છે. નીતિમત્તા સાથે જીવન જીવતાં શીખવે છે. સારાં કાર્યો કરવાની નૈતિક હિંમત આપે છે.

પરિવારે બાળકના મિત્રો પણ ચકાસવા

જોઈએ. એને સારા મિત્રોનો સંગ કરતાં શીખવવું જોઈએ. અને સારા મિત્રોને પણ પીઠ થપથપાવી પ્રોત્સાહિત કરવા જોઈએ.

બાળકને શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતું કરવું જોઈએ. શાળાકીય રમતો નૈતિકતાનું બહુ મોટું શિક્ષણ આપે છે. રમતગમત ઈમાનદારી શીખવે છે. સંપ અને સંગઠનનું મહત્ત્વ સમજાવે છે.

પરિવારે બાળકને પુસ્તકો સાથે મિત્રતા કરાવવી જોઈએ. બાળક પર જેટલો પ્રભાવ એનાં માતાપિતાનો, શિક્ષકોનો હોય છે તેટલો પ્રભાવ એના દ્વારા વાંચવામાં આવેલાં પુસ્તકોનો પણ હોય છે. ઘરમાં નાનકડું પુસ્તકાલય હોવું જોઈએ. સારાં પુસ્તકો બાળકની નજર સામે રહેવાં જોઈએ. મહાપુરુષોનાં જીવનચરિત્રો, અને પ્રેરણાદાયી કથાઓ એના હાથમાં મૂકવી જોઈએ. વાર્તાઓનાં માધ્યમથી બાળકોને નૈતિકતા શીખવવી સરળ બને છે. જો શક્ય બને તો સપ્તાહમાં એક વાર ઘરસભા કરીને કોઈ સારી વાર્તા બાળક પાસે વંચાવવી જોઈએ.

બાળકને કોઈ સારાં સ્થળે ફરવા લઈ જવા જોઈએ. પ્રકૃતિનું દર્શન કરીને બાળકો ઈશ્વરની વધારે નજીક આવે છે. નદી, પર્વત, આકાશ, ખેતર, ઝરણું... બાળકને વિસ્તારશે. વિચારતું કરશે. એની કલ્પનાને પાંખો પહેરાવશે.

પરિવારે વાણીથી નહિ, પોતાના આચરણથી બાળકોનું નિર્માણ કરવાનું છે. સારું આચરણ બાળકને પ્રભાવિત કરે છે. જો આપણી એવી અપેક્ષા રાખતા હોઈએ કે આપણું બાળક આપણું કહ્યું માને, તેમનું આચરણ સારું હોવું જોઈએ. તો આપણે તેમની સામે શ્રેષ્ઠ આચરણ રજૂ કરવું પડશે. બાળક માટે પરિવારના સભ્યો દર્પણ છે. એમાં જે દેખાશે તે જ તે જોશે. માતાપિતા પર માત્ર બાળકને જન્મ આપવાની જવાબદારી જ નહિ, તેમને સુસંસ્કારી બનાવવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી પણ છે. જે પરિવારમાં એકમેક પ્રત્યે આદર, વિશ્વાસ અને સ્નેહ જશે તે પરિવારનાં બાળકોમાં પણ આવા ગુણો આપોઆપ ઊતરી આવશે.

**બાળઉછેર એટલે સંસ્કારનું ધરુવાડિયું ઉછેરવું :**

બાળઉછેર એ સહેલું નથી. બાળકને જન્મ આપવો અને બાળકને જીવંત રાખવા એ બન્ને વચ્ચે ખૂબ મોટો તફાવત છે.

બાળક સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે તેવી પ્રત્યેક માબાપની આશા હોય છે. સાચી પ્રતિષ્ઠાનો આધાર સદ્‌ગુણો છે. આપણે એવા મહાપુરુષોને આજેય યાદ કરીએ છીએ કે જેમની પાસે ધનસંપત્તિ નહોતી, છતાં તેમના ગુણોના કારણે સદાય માનનીય બન્યા છે. પ્રતિષ્ઠા વધારવા બાળકોને ધનવાન નહિ, ગુણવાન બનાવવા તરફ વધારે ધ્યાન આપવું જોઈએ.

જેમ એક ખેડૂત ચોમાસામાં ખેતરમાં રોપણી કરતાં પહેલાં ખરા ઉનાળે, ધોમધખતી ગરમીમાં નાનકડા વાડામાં પોતાનું ધરુવાડિયું તૈયાર કરે છે. એક એક બીજને બહુ કાળજીપૂર્વક માટીમાં દબાવે છે. એને ખાતરપાણી આપે છે. એને જરૂર પૂરતું પાણી સીંચે છે. એને છાંયો કરે છે.

એની આસપાસનું નિંદણ દૂર કરે છે. એકએક છોડ તંદુરસ્ત તૈયાર થાય તેવો પ્રયત્ન કરે છે. એમ પરિવારે પણ બાળકરૂપી ધરુવાડિયું ખૂબ કાળજીથી ઉછેરવાનું છે. એનાં બાળકોને નૈતિક તંદુરસ્તી આપવાની છે. માનસિક તંદુરસ્ત બનાવવાના છે.

પરિવારના ધરુવાડિયાનો બાળકરૂપી છોડ બહુ કોમળ છે. એને દુષ્ટતાનો તાપ ન અડે તેની કાળજી રાખવી પડે છે. અને શિષ્ટતાનું સિંચન કરતા રહેવું પડે છે. શિષ્ટતા બાળકોનું સૌથી મોટું ઘરેણું છે. જે તેને ખૂબ જ આકર્ષક બનાવી દે છે. હસતા હોઠ અને હસતી આંખો તેને સમાજમાં વિશેષ સ્થાન અપાવે છે. વિનમ્રતાપૂર્વક મીઠી વાણી બોલનારને કોણ ન ચાહે! વિનયી વ્યક્તિ સૌની પ્રીતિપાત્ર બને છે. સાથે સાથે પરોપકાર અને પરિશ્રમનું પાણી પણ પાતાં રહેવું પડે છે. પરિશ્રમી બાળકો સ્વસ્થ રહે છે. શરીરની સ્વસ્થતા મનની સ્વસ્થતા પ્રદાન કરે છે. તે બાળકને સ્ફૂર્તિ, તાજગી અને પ્રસન્નતાથી ભરી દે છે. પરોપકારનું પાણી બાળકને સેવાભાવી બનાવે છે. સમાજમાં સંવેદના પ્રસરાવે છે. એ હૃદયથી વિચારતું થાય છે.

બાળકરૂપી છોડની જેટલી સારી કાળજી લેવાશે તેટલું તે વધારે સારું બનશે. પરિવારનાં ધરુવાડિયામાં ઉછરેલ આ તંદુરસ્ત છોડ આવનારા સમયમાં વિશાળતા ધારણ કરશે અને અનેકને છાંયો આપશે.

**ઉચ્ચ આદર્શોનો વારસો આપો :**

આજે સમાજ નૈતિક અધઃપતન તરફ જઈ રહ્યો છે. દૂષણો વધી રહ્યાં છે. પોતાનાં સ્વાર્થ માટે માણસ ગમે તે હદે જઈ રહ્યો છે. જેલો વધી રહી છે. અખબારોનાં પાનાં પર લોહીનાં છાંટણાં તાજાં ને તાજાં જ રહે છે. કોઈ નીતિભ્રષ્ટ છે તો કોઈ વૃત્તિભ્રષ્ટ. કોઈ શારીરિક રીતે પતિત છે, તો કોઈ માનસિક રીતે. ભૌતિક સુખ પાછળ દોડતો આજનો માણસ સાચાં સુખીથી જોજનો દૂર થયો છે. આપણને થાય કે આવું થયું શા માટે? જેટલો સવાલ સરળ છે એટલો ઉત્તર પણ સરળ છે.

આપણે ઉચ્ચ આદર્શો ગુમાવ્યા છે તેનું આ પરિણામ છે. આજે વાણીવિલાસ કરતાં નેતાઓ આપણા આદર્શો છે. સિનેમાના પડદા પર નાચતા નટનટીઓ આપણા આદર્શો બની રહ્યા છે. પૈસા માટે રમતા ખેલાડીઓ આપણા આદર્શો બનવા લાગ્યા છે. અને કદાચ... આવા નિમ્ન આદર્શોને કારણે જ આપણે અને પૂરો સમાજ નૈતિક અધઃપતન તરફ ધકેલાઈ રહ્યો છે.

બાળકોને ઉચ્ચ આદર્શો આપવાની જવાબદારી પણ પરિવારની છે. નીતિમય જીવન જીવીને જગતને કશુંક શ્રેષ્ઠ ધરીને ગયેલા મહાપુરુષોને બાળકો આદર્શ બનાવે તેવા પ્રયત્ન કરવો પડશે. આપણે, પરિવારે બાળકને ઉચ્ચ આદર્શો આપવા પડશે.

**પરિવારે બાળકને આટલું તો આપવું જ પડશે... :**

અસંખ્ય યુદ્ધો અને આધુનિક યુગમાં બે-બે વિશ્વયુદ્ધો જોઈ ચૂકેલી આ માણસજાત હજીયે એક નવા યુદ્ધની છાની તૈયારીમાં વ્યસ્ત છે. આજનું બાળક આપણને તાકી રહ્યું છે. એ

આપણામાંથી શીખી રહ્યું છે. જો આજે આ વૃત્તિથી આપણે ન અટક્યા તો સંતાનો એને વારસામાં મેળવશે. 'આગે સે ચલી આતી હૈ'ની નીતિ ચાલુ જ રહેશે. હવે આપણે વિચારવું રહ્યું કે આપણે આ નીતિ ચાલુ રાખવી છે કે આટલેથી અટકી જવું છે!

મહત્ત્વાકાંક્ષાને ગળે વળગાડી ફર્યા એટલે થાક્યા. નાની નાની વાતે અવિશ્વાસુ બની ગયા. વ્યક્તિને પોતાનો પડછાયો પણ ડરાવવા લાગ્યો. જેણે થોડા નોખા પડી જીવવાનું વિચાર્યું એ સરસ જીવી ગયા.

બસ, આપણો સહુનો છેવટે તો એક જ આશય છે - જીવવું. પણ જો એને સારી રીતે જીવવું હોય તો, જગતને જીવવા યોગ્ય રાખવું હોય તો આપણે આપણાં સંતાનોને વારસામાં પ્રેમની સમજ આપવી પડશે.

**પરિવાર આપે વિશ્વત્વની કેળવણી :**

આજે માનવમૂલ્યો ઘસાતાં જાય છે અને પરિણામે નૈતિકતા ખતમ થઈ રહી છે. પરસ્પર વિશ્વાસનું પ્રમાણ ઓછું થઈ રહ્યું છે. મશીનોના યુગમાં માણસ સ્વયં એક મશીન બની ગયો છે. જેટલી ઝડપે એનું મગજ વિકસી રહ્યું છે તેટલી જ ઝડપે હૃદય સંકોચાઈ રહ્યું છે. લાગણી કે સંવેદના તો જાણે મરી જ પરવારી છે. અને માણસ જ્યારે ભૌતિક સુખ પાછળ પાગલની જેમ દોડી રહ્યો છે, ત્યારે સમાજજીવનને ટકાવી રાખવા શિક્ષકે જ મથવું પડશે. આખો સમાજ છેવટે તો એક શિક્ષકના હાથ નીચેથી જ પસાર થાય છે.

આવનારો સમાજ ગુણવાન બને એ માટે એણે આજના, પોતાની સામે બેઠેલા વિદ્યાર્થીઓને તૈયાર કરવા પડશે. બાળક માટે તો આજે પણ 'મારા સાહેબે કહ્યું તે સાચું' એ ધ્રુવવાક્ય છે. એના મનમાં અને હૃદયમાં જે રેડવામાં આવશે તે ચિરંજીવ બની રહેવાનું છે એ નક્કી. તો સારા સંસ્કારો અને શુભવિચારો કેમ ન રેડવા!

બાળકને હૃદયની કેળવણી આપો. એને પ્રેમ અને લાગણીની સમજ આપો. કદાચ એ બે અક્ષર ઓછા શીખશે તો ચાલશે, પણ એ માનવતાને નુકસાન કરતું વર્તન કરે એ તો ક્યારેય નહીં ચાલે. એને ભારેખમ લખાણ લખતાં નહીં આવડે તો ચાલશે, પણ એ લાગણીહીન હશે એ નહીં ચાલે. એને લોકોને આંજી નાંખતું ભાષણ કરતા નહીં આવડે તો ચાલશે, પણ જૂઠનો વેપાર કરે એ ન ચાલે. એને આકાશમાં વિમાન ઉડાડતા નહીં આવડે તો પણ ચાલશે, એને માણસની જેમ પૃથ્વી પર રહેતા આવડવું પડશે. અને આ બધું એને શીખવવાનું છે એક સારા શિક્ષકે. શિક્ષકે વર્ગમાં ભણાવતી વખતે માત્ર આજને જ નહિ, આવતીકાલને પણ ધ્યાને લેવાની છે.

આજે આપણે બાળકને શું આપીએ છીએ? પુસ્તકોમાંથી શબ્દો ઠાલવી એની નોટબુક છલકાવી દઈએ છીએ. અટપટી ગણતરી ભણાવી એને 'ગણતરીબાજ' બનાવી દઈએ છીએ. યુદ્ધો વિશે ભણાવી અનાયાસે જ એને લડતાં-ઝઘડતાં શીખવી દઈએ છીએ. આપણું આ આજનું શિક્ષણ (!) તો પાયા વિનાની ઈમારત જેવું છે.

જગતના લગભગ બધા જ મા-બાપની એક જ મૂંઝવણ હોય છે કે, બાળકોને કેળવવાં કેવી રીતે? અને એમની આ મૂંઝવણ વધારતી હોય એમ વિવિધ શાળાઓ પોતાની જાહેરાતો કરી કેળવણી માટે પોતે જ એક ઉત્તમ વિકલ્પ છે એવું વાતાવરણ ઊભું કરી દે છે. છેવટે, ટેલિવિઝન પર આવતી જાહેરાતથી અંજાઈને જેમ ન્હાવાનો સાબુ ખરીદી લે એમ શાળાની પસંદગી કરી લે છે.

અને એમ પણ સંતોષ માને છે કે બાળકની કેળવણીનો પ્રશ્ન હલ થઈ ગયો. પણ આ તો શિક્ષણની પસંદગી થઈ. આમાં કેળવણી ક્યાં આવી? વાસ્તવિકતા તો એ છે કે મા-બાપને બાળકની કારકિર્દીની ચિંતા છે એટલે ટકાવારી આપી માર્કશીટ શણગારી આપતી શાળાની પસંદગી કરે છે. બાકી, અભ્યાસક્રમ અંતર્ગત આવતા શિક્ષણને અને જીવનની કેળવણીને સ્નાનસુતકનોય સંબંધ નથી. જેમ્સ એંજલ નામના કોઈ સજ્જને કહ્યું છે તેમ, રોટલો કેમ રળવો તે નહીં, પણ પ્રત્યેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તેનું જ્ઞાન આપે તે ખરી કેળવણી. અને આ કેળવણી શાળા નહિ આપી શકે. આ કામ છે માતાપિતાનું.

આપણે બાળકને શીખવવાનું છે દરેક માણસની કિંમત કરતા. પ્રત્યેકનું સન્માન કરતા. યાદ રાખો, એક સમય એવો પણ આવવાનો છે કે જગતનું પ્રત્યેક બાળક ટેક્નોલૉજીનું જાણકાર હશે. કદાચ, હથેળીમાં કમ્પ્યૂટર (પામટૉપ!) ધરાવતું હશે. આંગળીના ટેરવે દીવાલ પર સ્ક્રીન રચી શકશે. એના દિમાગમાં ચીપ મૂકી શકાશે.

સેકન્ડના સોમાં ભાગમાં માહિતી ઠલવાઈ જશે. પણ નહિ હોય સંસ્કાર. આવતી પેઢી માટે મા-બાપે આ તૈયારી કરવાની છે. એનું મગજ તો જબરું વિકસી જશે, પણ હૈયું સંકોચાઈ ન જાય તેનું ધ્યાન રાખવાનું છે. એને સંવેદનશીલ બનાવવું પડશે.

એને સ્વપ્નો જોતાં શીખવવું પડશે. એને બોલતાં તો આવડે જ છે, પણ શું અને કેટલું, કેવું બોલવું તે શીખવવું પડશે. બાળકને વિસ્તરવાની કેળવણી આપવી પડશે. સાવ સંકુચિત બની રહેવાથી સ્વાર્થી થઈ જવાય છે. બાળકને ધીરજની, સહનશીલતાની અને શાંતિની કેળવણી આપવી પડશે. આજે સમય એવો છે કે યુવાનોમાં શ્રમસૂગ વધતી જાય છે, ત્યારે આપણું બાળક કામની, શ્રમની સૂગ ન રાખે તે પણ જોવું જોઈએ. એને પોતાની આગવી વિચારધારા વિકસાવતાં પણ શીખવવું પડશે.

મોટેભાગે, જ્યારે સાંપ્રતમાં હઈસો... હઈસો... નું વાતાવરણ છે ત્યારે આપણું સંતાન પોતાની પણ એક આગવી વિચારસરણી વિકસાવે તેવું વાતાવરણ રચી આપવું પડશે.

એનામાં ઉત્તમ ચારિત્ર્ય વિકસાવવું પડશે. ટૂંકમાં, બાળકને અસ્તિત્વની કેળવણી આપણી જોઈએ. એને પોતાના વ્યક્તિત્વની કેળવણી આપવી જરૂરી છે. અને એને વિશ્વત્વની કેળવણી આપવી જરૂરી છે.

# કેળવણીની અનોખી રીત : સ્વવર્તન

- ડૉ. દિનેશકુમાર ડી. પરમાર

જગતનો દરેક જીવ ઘણુંખરું જોઈને શીખે છે. માનવસહિત પશુઓ પણ જોઈને શીખતાં જોવાં મળે છે. બિલાડી-ઉંદર, કૂતરાં-બિલાડાં, સાપ-નોળિયો, વન્ય પ્રાણીઓ-પાલતુ પ્રાણીઓ વગેરેનું વર્તન પણ આપોઆપ સ્વયંભૂ હોતું નથી. આ બધાં જીવો જન્મથી પોતાની જન્મજાત ઈન્દ્રિયો દ્વારા જગતનો પરિચય મેળવે છે અને પછી તેને અનુરૂપ વર્તે છે અને જો તમે કરવામાં ન આવે તો તેના જીવ સામે જોખમ ઊભું થાય છે. આજે આપણે શિક્ષણને કેન્દ્રબિંદુ પર રાખીને શિક્ષણ સાથે અનુબંધિત વ્યક્તિઓના સ્વવર્તન વિશે વાત કરવી છે. સ્વવર્તનની શિક્ષણ, શાળા, વિદ્યાર્થી, શિક્ષક, સમાજ વગેરે પર કેવી છાપ પડે છે? તે તપાસવું છે.

માનવજીવનમાં કેળવણીનું અદકેરું સ્થાન છે તે બાબત નિઃશંકપણે ખરી છે અને સર્વવિદિત છે. કેળવણીથી જ માનવ અન્ય જીવો કરતાં જુદો છે. કુદરતે માનવને જ કેળવણી આપવાનું અને પામવાનું સૌભાગ્ય આપ્યું છે, તે બાબત પણ ખરી હકીકત છે. કેળવણી એટલે માત્ર પાઠ્યપુસ્તક કે વિષયવસ્તુનું જ્ઞાન મેળવવું એટલો જ અર્થ અભિપ્રેત નથી, પરંતુ વ્યવહારિક જ્ઞાન, સંયમ અને વિવેક હોવા એ અર્થ પણ એટલો જ અભિપ્રેત છે. આજે ઘરમાં, શાળામાં અને સમાજમાં ધીમે ધીમે વિદ્યાર્થીઓ પર કડક નિયંત્રણ લાદવાનું અનુચિત લેખાઈ રહ્યું છે, જે બાબત ઘણા ખરા અંશે સાચી પણ છે, પરંતુ બાળકને જે સ્વતંત્રતા આપવામાં આવે છે, તેનો તે સદુપયોગ કરી પોતાની જાત ને સમાજને ઉપયોગી થાય છે કે કેમ? કે પછી પોતાને મળેલ સ્વતંત્રતાને સ્વછંદતામાં પરિવર્તિત કરી પોતાને અને સમાજને હાનિ પહોંચાડે છે? તે જાણવું પણ એટલું જ જરૂરી છે. આવા સમયે ખરી કેળવણી દ્વારા બાળકોમાં સદ્‌ગુણોની ખીલવણી થાય તેવા પ્રકારના સ્વવર્તનની તાતી જરૂરિયાત છે.

સ્વવર્તન એટલે પોતાની જાતે પોતાના સ્વ કે આત્માનો અવાજ સાંભળીને વર્તન-વ્યવહાર કરવો એવો સામાન્ય અર્થ તારવી શકાય. સ્વવર્તન એ આત્મનિરીક્ષણ, આત્મનિયંત્રણ અને આત્મખોજની પ્રક્રિયા છે, જે જવાબદાર અને રૂઆબદાર જીવન જીવવા માટે એક મજબૂત આધારસ્તંભ બની રહે છે. સ્વવર્તનમાં વ્યક્તિએ જાતે યોગ્ય વર્તન કરવા માટે પ્રતિબદ્ધ બનવાનું છે, બાહ્ય નિયંત્રણ કે બાહ્ય પ્રલોભનોથી અલિપ્ત રહીને પોતાના આત્માના અવાજને સાંભળીને તેને અનુસરવાનું છે. આધુનિક સમયમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સહિત જીવનના બાહ્ય અનુભવો પૂરા પાડવા જોઈએ તેવું સર્વ શિક્ષણવિદો સ્વીકારી રહ્યાં છે.

તદ્ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાની જાતને સમય આપે, પોતાની જાતને ઓળખે અને પોતાની શક્તિઓને યોગ્ય ઓપ આપે તો વિદ્યાર્થીનું જીવન સુગંધમય બની રહેતું હોય છે. બાળકની દરેક ગતિવિધિ પર માતાપિતા કે શિક્ષકો હરહંમેશ નજર રાખી શકે તેવું શક્ય પણ નથી અને યોગ્ય પણ નથી. ઘણું ખરું બાળક માતાપિતા, મિત્રો કે શિક્ષકોનાં વર્તનવ્યવહારથી શીખતું હોય ત્યારે તેને યોગ્ય અનુભવો પૂરા પાડવા જરૂરી થઈ પડે છે. માત્ર ઠાલી અને ખાલી વાતોનાં વડાં કરવાથી તે શક્ય બનશે નહીં તે પણ એટલું જ સાચું છે.

પ્રાચીન ગુરુકુળ પરંપરામાં પણ શિષ્ય ખરી કેળવણી મેળવે તે પ્રકારની શિક્ષણ પ્રણાલી હતી. સમય અને વિષયવસ્તુના નિર્ધારિત કુંડાળાંમાંથી બહાર નીકળીને જીવન ઉપયોગી શિક્ષણ પ્રદાન કરવામાં આવતું હતું. જ્યાં સુધી શિષ્યના મુખારવિંદ પર ખરા જ્ઞાનનું તેજ ન પથરાય ત્યાં સુધી ગુરુ અને શિષ્ય દ્વારા ધીરજ અને સંયમપૂર્વક કેળવણીની પ્રક્રિયા શરૂ રખાતી હતી. આત્મનિયંત્રણ, આત્મપ્રેરણા અને સ્વયંશિસ્તના માધ્યમથી શિક્ષણ આપવાની વ્યવસ્થા હતી. આજના સમયમાં બાળકને માહિતીથી ભરપૂર લદાયેલી સ્થિતિમાં મૂકી આપવામાં આવે છે, જેના બદલે તેનામાં આત્મવિશ્વાસ, આત્મપ્રેરણા અને જવાબદારીનો ભાવ જન્મે અને વિકસે તે પ્રકારનું વાતાવરણ જરૂરી છે. વિદ્યાર્થીઓ અને સમાજ માટે કડક નિયમો બનાવવા પડે તે બીમાર સમાજનું અને બિમાર શિક્ષણ પ્રણાલીનું પ્રમુખ લક્ષણ ગણાવી શકાય. અહીં એક બાબત ખાસ નોંધવી જરૂરી છે કે, કોઈપણ સંસ્થા કે વ્યવસ્થાને ચલાવવા માટે નિયમો, બંધારણ કે માળખું હોવું જરૂરી છે પણ તે લવચિક હોવું પણ ઘટે.

બાળકમાં સ્વવર્તનના અંતઃસ્ફુરણ માટે શાળા કક્ષાએ આ પ્રમાણેનાં ઉપાયો હાથ ધરી શકાય :

**૧. આત્મમૂલ્યાંકન :** વિદ્યાર્થીઓએ દરરોજ સમગ્ર દિવસ દરમિયાન કરેલ વર્તનનું સ્વયં આત્મનિરીક્ષણ કરવાનું છે. જરૂર પડે તો તે રોજનીશી પણ લખી શકે છે, પોતાના શિક્ષક, સહાધ્યાયી કે માતા-પિતા સાથે ચર્ચા વિચારણા કરી શકે છે. જેનાથી તેનામાં અનુશાસનનો ગુણ વિકસે છે. વિદ્યાર્થી જીવનના અમૂલ્ય પાઠો તે શીખી શકે છે.

**૨. પ્રેરણાત્મક દૃષ્ટાંતો :** આ જગતમાં જે મહાપુરુષો થઈ ગયા છે, તેમના જીવનકવનથી બાળકોને પરિચિત કરાવવામાં આવે તો, તેનો ઘણો લાભ તેમને મળે છે. દરેક મહાપુરુષો પાછળ પુસ્તકો અને વિચારકોનો પ્રભાવ રહ્યો છે. મહાપુરુષોના જીવનના દૃષ્ટાંતોથી વિદ્યાર્થીઓને પ્રેરણા મળી રહે છે. તેમનો આત્મવિશ્વાસ વધે છે અને તે પ્રકારના જીવન જીવવા માટે શક્ય પ્રયાસ પણ કરે છે.

**૩. ચિંતનશીલ પ્રવૃત્તિઓ :** વિદ્યાર્થીઓને જેઓ સમાજ અને દેશ મટે આદર્શ જીવન જીવી ગયા છે તેવા પ્રેરણાપુરુષોના જીવન વિશે, તેમની જન્મજયંતી નિમિત્તે નિબંધસ્પર્ધા, વકતૃત્વસ્પર્ધા, ક્વિઝ, ચિત્રસ્પર્ધા, યોગસ્પર્ધા

વગેરે જેવી સ્પર્ધાઓ યોજી શકાય જેથી કરીને બાળક તે મહાપુરુષો વિશે જાણે, સમજે અને તેમના વિચારોને પોતાના જીવનમાં આત્મસાત કરવાનો પ્રયાસ કરી શકે.

**૪. બાળકને નેતૃત્વ કરવાની તક આપવી:** જ્યારે કોઈ વિદ્યાર્થીની શક્તિ પિછાણીને તેના પર વિશ્વાસ મૂકીને તેને નેતૃત્વ કરવાની તક આપવામાં આવે છે ત્યારે તેને જવાબદારી અને પોતાના વર્તનને નિયંત્રિત કરવામાં સહાયતા મળે છે.

**૫. વિચારવિમર્શ અને જૂથચર્ચા :** ''તૂંડે તૂંડે મતી ભિન્ના''. દરેક વ્યક્તિના વિચારો અને દૃષ્ટિકોણ જુદા જુદા હોઈ શકે છે. દરેક વિષય પર વિદ્યાર્થીઓ તંદુરસ્ત વિચારવિમર્શ કરી શકે અને જૂથચર્ચા કરી શકે તેવા પ્રકારનું વાતાવરણ પૂરું પાડવું જોઈએ, જેથી વિદ્યાર્થીઓના વિચારક્ષેત્રને વિસ્તૃત કરી શકાય.

**૬. આદર અને સમજદારીનું ભાવાવરણ નિર્મિત કરવું :** શિક્ષકો અને માતાપિતા દ્વારા આદર અને સમજદારીપૂર્વકનું વર્તન કરવામાં આવે તો, ચોક્કસથી બાળક તેમાંથી પ્રેરણા મેળવશે તે સત્ય હકીકત છે. બાળકને સમાજમાં ન્યાયસંગત વર્તન કરવાની પણ પ્રેરણા મળે છે, સાથે સાથે વ્યવસાય કે કાર્યસ્થળે પણ નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાની પ્રેરણા મળી રહે છે.

ઉપર્યુક્ત જુદા જુદા પ્રકારના વર્તનનાં અનુભવો પૂરાં પાડીને બાળકને આદર્શ જીવનની ઝાંખી કરાવી શકાય છે અને તેના જીવનને યોગ્ય ઘાટ આપી શકાય છે.

આજનો વિદ્યાર્થી અને યુવા વર્ગ ઘણી બધી માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિટંબણાઓ વચ્ચે શ્વસી રહ્યો છે. સોશિયલ મીડિયાનું અતિક્રમણ, ગળાકાપ હરિફાઈનું વાતાવરણ અને ટેક્નોલૉજીનો પ્રભાવ તેના પર હાવિ થયેલો દેખાય છે. સાવા સંજોગોમાં જ્યારે તેના પર બાહ્ય નિયંત્રણ રાખવું મુશ્કેલ બન્યું છે ત્યારે વિદ્યાર્થી પોતે જાગ્રત બનીને યોગ્ય અને અયોગ્યની ભેદરેખાને ભેદી શકે, નિર્મળ ચિંતન અને શુદ્ધ વર્તનનો આગ્રહી બને તે માટે આપણા બધાનું વર્તન તેના માટે દીવાદાંડીરૂપ બની રહે છે. વર્તન એ કોઈ અલગ વિષય નથી પરંતુ આપણા નિયત અભ્યાસક્રમમાં જરૂર પડે ત્યાં તેને સુગ્રથિત કરવામાં આવે તો તેના ઉત્તમ પરિણામો શાળા અને સમાજને મળી રહે છે. બાળકોને ઉપદેશ કે આદેશ આપવાને બદલે આપણા વર્તનથી પ્રેરિત કરીએ, તો તે પ્રયત્નોનું મીઠું ફળ મળ્યા વગર રહેતું નથી. આથી, શિક્ષકો અને માતાપિતાએ બાળકોમાં નૈતિક મૂલ્યોનું સ્થાપન થાય તે દિશામાં નક્કર કાર્ય કરવું જરૂરી બન્યું છે. અંતે, સ્વવર્તન એ આપણાં વ્યક્તિત્વનો આયનો છે, આપણા સમગ્ર જીવનને ઘાટ આપનારું તત્ત્વ છે. જો આપણું દરેક પગલું સ્વવર્તનને કેન્દ્રમાં રાખીને ભરવામાં આવશે તો, ચોક્કસ આવતીકાલે શિસ્તબદ્ધ, જવાબદાર અને નૈતિક મૂલ્યોસભર એક આદર્શ પેઢી તૈયાર કરવાની મંજિલ પાર કરી શકીશું તેવી પૂર્ણ શ્રદ્ધા છે.

# કોચિંગના ભરોસે રહેલું શિક્ષણ દેશને તારી શકશે ખરું?

- અશોક પટેલ

દેશના શિક્ષણ ઉપર ગંભીર સવાલ પેદા થાય છે. ભલે આરટીઈ હેઠળ દેશના દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ મળવું જોઈએ એવું ઠરાવાયું છે, પણ એ શિક્ષણથી તેનું, પરિવારનું અને તેને પગલે દેશનું દળદર ફીટે એમ છે ખરું? શાળા કરતાં કોચિંગક્લાસ પર નિર્ભર થઈ ગયેલું શિક્ષણ કેવુંક રહેશે?

દેશમાં એમ તો શિક્ષણની દુર્દશા માટે અંગ્રેજ મેકોલેને જવાબદાર ગણવામાં આવે છે. એ વાતમાં થોડો દમ પણ છે. જો કે એ સમયે અંગ્રેજોને ભારતમાં કારકુનોની ફોજ જોઈતી હતી. એ માટે જે શિક્ષણ જોઈએ એ જ શિક્ષણ તેમણે આપીને કારકૂનો પેદા કરી દીધા, પરંતુ અંગ્રેજો દેશમાંથી ગયાને સાડા સાત દાયકા થઈ ગયા, છતાં હજુ આપણે ન તો શિક્ષણ બદલ્યું ન તો મેકોલેને માથે માછલાં ધોવાનું છોડ્યું! સાડા સાત દાયકાની આઝાદીમાં મહ્દઅંશે રાજકીય ગુલામી ધીરે ધીરે વધી ગઈ અને તેને પરિણામે દેશમાં શિક્ષણ એ જ રહ્યું અને તેમાંથી કારકૂન જ પેદા થતા રહ્યા! શાસકોને પણ માથું ઉંચકી શકે કે ખોંખારીને બોલી શકે એવી પ્રજા ગમતી નથી. સરવાળે રાષ્ટ્રપ્રેમની વાત ભલે કરવી હોય, પણ પ્રજા તો નમાલી જ ગમે અને આજે એ પ્રજા પેદા કરવામાં આપણા શિક્ષણે મોટો ફાળો આપ્યો છે. એ શિક્ષણ સુધારણાની વાત તો થતી રહે છે, પણ સરવાળે એમાં કશું નવનીત નીકળતું નથી. અને એ જ ટીકાનું વિષચક્ર ચાલતું રહે છે. પરંતુ શિક્ષણમાં સુધારો થતો ન હોવાથી ફરિયાદ લોકો કરતા રહે છે. છતાં પ્રજા પણ શિક્ષણ સુધરે એ માટે સરકાર પર દબાણ કરવામાં ઉદાસીન છે. સ્વાભાવિક છે કે લોકોએ પોતાના સંતાનોને સારૂં શિક્ષણ મળે એ માટે માર્ગ શોધી કાઢ્યો છે અને એ માર્ગ એટલે સંતાનનું શાળામાં એડમિશન લેવું પણ, તેને ભણાવવું તો સારા કોચિંગ ક્લાસમાં જ. ખાનગી શાળાઓમાં ભણતા સંતાનને પણ ટ્યુશન અને મોટા શહેરોમાં કોચિંગ ક્લાસમાં મુકતા વાલીઓની સંખ્યા નાનીસૂની નથી. આ કારણે જ હવે આપણું શિક્ષણ કોચિંગ ક્લાસ પર નિર્ભર થઈ ગયું છે. ને આ આક્ષેપ નથી, વાસ્તવમાં એક સરકારી સર્વેમાં જ બહાર આવેલું કડવું સત્ય છે.

કેન્દ્ર સરકારના સર્વે મુજબ, ભારતમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તરે કોચિંગનું વલણ વધી રહ્યું છે. પૂર્વ-પ્રાથમિક

બાળકો પણ કોચિંગ તરફ જઈ રહ્યા છે. એટલે કે, શિક્ષણની શરૂઆત સાથે, વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન અને કોચિંગનો આશરો લેવો પડે છે. ખાનગી ટ્યુશન અને કોચિંગ પાછળ ઘરનું શિક્ષણ બજેટ પણ ખોરવાઈ રહ્યું છે. એક તરફ શાળાઓની ફી પણ ઊંચી થઈ છે, તો કોચિંગ કે ટ્યુશન પાછળ પણ ધરખમ ખર્ચ થાય છે. એમાંય હજુ તો મીડિયમનો પણ એક વિવાદ ચાલતો રહે છે. અનેક નિષ્ણાંતો માને છેકે બાળક તેની માતૃભાષામાં સારી રીતે સમજી શકે છે, શીખી શકે છે, એમ છતાં આપણે ત્યાં અંગ્રેજી મીડિયમમાં બાળકને ભણાવવાની ઘેલછા અંગ્રેજીમાં બોલી કે લખી નહીં શકનારા અનેક વાલીઓમાં જોવા મળે છે. સ્કેન્ડેવિયન દેશોમાં શિક્ષણ વખણાય છે, તો તેના પાયામાં સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ માતૃભાષામાં જ અપાતું હોવાનું કારણ પણ છે. માતૃભાષામાં કશું પણ નવું શીખવું આસાન હોવાનું વિજ્ઞાને પણ સાબિત કર્યું છે, પણ એ આપણને સમજાતું નથી. ખેર, એ અલગ વિવાદનો વિષય છે. પરંતુ અહીં મૂળ મુદ્દો એ છે કે આપણું શિક્ષણ શાળાને બદલે કોચિંગ ક્લાસ પર નિર્ભર થઈ ગયું છે.

પ્રવેશ પરીક્ષાઓની તૈયારી કરતી વખતે, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ખાનગી કોચિંગનો આશરો લે છે એ તો જાણે સમજ્યા. પરંતુ શાળા સ્તરે પણ, પૂર્વ-પ્રાથમિકથી ઉચ્ચ અભ્યાસ સુધી, કોચિંગનો નોંધપાત્ર પ્રભાવ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા શિક્ષણ પર હાથ ધરવામાં આવેલા વ્યાપક મોડ્યુલર સર્વે (એપ્રિલ-જૂન ૨૦૨૫)માં જાણવા મળ્યું છે કે વર્તમાન સત્રમાં, કુલ મળીને લગભગ એક તૃતીયાંશ વિદ્યાર્થીઓ ૨૭ ટકા ખાનગી કોચિંગ લઈ રહ્યા છે. શહેરી વિસ્તારોમાં ખાનગી કોચિંગ લેતા વિદ્યાર્થીઓની ટકાવારી ૩૦.૭ ટકા છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે ૨૫.૫ ટકા છે. આ અહેવાલ ૫૨,૦૮૫ ઘરોમાં ૫૭,૭૪૨ વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા સર્વેના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. સર્વે રિપોર્ટ મુજબ કુલ વિદ્યાર્થીઓના નોંધણીમાં સરકારી શાળાઓનો હિસ્સો ૫૫ ટકાથી વધુ છે, ગ્રામીણ વિસ્તારોમાં સરકારી શાળાઓમાં વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

સર્વે દર્શાવે છે કે વર્તમાન શૈક્ષણિક સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં, દરેક વર્ગના વિદ્યાર્થીઓ ખાનગી કોચિંગ લે છે. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તરે આ સંખ્યા વધીને ૪૦ ટકાથી વધુ થાય છે. માધ્યમિક સ્તરે, શહેરી વિસ્તારોમાં ૪૦.૨ ટકા વિદ્યાર્થીઓ અને ગ્રામીણ વિસ્તારોમાં ૩૬.૭ ટકા વિદ્યાર્થીઓ ખાનગી કોચિંગ લે છે. ઉચ્ચત્તર માધ્યમિક સ્તરે, શહેરી વિસ્તારોમાં ૪૪.૬ ટકા વિદ્યાર્થીઓ અને ગ્રામીણ વિસ્તારોમાં ૩૩.૧ ટકા વિદ્યાર્થીઓ કોચિંગ માટે જાય છે.

ખાસ વાત એ છે કે પૂર્વ-પ્રાથમિક એટલે કે શિક્ષણની શરૂઆતમાં પણ બાળકોને કોચિંગ માટે મોકલવામાં આવી રહ્યા છે. પૂર્વ-પ્રાથમિકમાં, શહેરોમાં ૧૩.૬ ટકા વિદ્યાર્થીઓ અને ગ્રામીણ વિસ્તારોમાં ૧૦.૭ ટકા વિદ્યાર્થીઓ કોચિંગ લઈ રહ્યા છે. પ્રાથમિકમાં, આ સંખ્યા ૨૬.૬ છે. અને મધ્યમ વર્ગમાં ૩૧ ટકા સુધી છે. નિષ્ણાંતો કહે છે કે તેમાં કોઈ શંકા નથી કે શાળા સ્તરથી જ કોચિંગ પર નિર્ભરતા વધી રહી છે. ખાનગી કોચિંગમાં ભણતા વિદ્યાર્થીઓમાં પ્રવેશ પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ વધે છે. જો કે, સરકારે કોચિંગ પર નિર્ભરતા ઘટાડવા માટે એક સમિતિની રચના પણ કરી છે, જે શાળા સ્તરે અભ્યાસક્રમથી પ્રવેશ પરીક્ષા સુધીની પ્રક્રિયામાં સુધારો કરવા માટે પગલાં સૂચવશે. હાલમાં, દેશમાં કુલ વિદ્યાર્થીઓની નોંધણીમાં સરકારી શાળાઓનો હિસ્સો લગભગ ૫૫.૯ ટકા છે. ગ્રામીણ વિસ્તારોમાં, લગભગ બે તૃતીયાંશ એટલે કે ૬૬ ટકા વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં નોંધાયેલા છે. શહેરી વિસ્તારોમાં સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની નોંધણી ૩૦.૧ ટકા છે. રાષ્ટ્રીય સ્તરે, નોંધણીમાં ખાનગી શાળાઓનો હિસ્સો ૩૧.૯ ટકા છે. શાળા શિક્ષણ માટેનો મહત્તમ ખર્ચ પરિવાર દ્વારા ઉઠાવવામાં આવે છે. સરકારી શાળાઓમાં ભણતા ૨૬.૭ ટકા વિદ્યાર્થીઓ કોર્ષ ફી ચૂકવે છે જ્યારે ખાનગી શાળાઓમાં ભણતા ૯૮ ટકા વિદ્યાર્થીઓ કોર્ષ ફી ચૂકવે છે. સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થી પર પરિવાર દ્વારા સરેરાશ ખર્ચ ૨૮૬૩ છે જ્યારે બિન-સરકારી શાળાઓમાં આ ખર્ચ ચાલુ શૈક્ષણિક સત્રમાં ૨૫૦૦૨ હોવાનો અંદાજ છે. આપણી શાળાઓ વાલીઓ એ વિશ્વાસ કેમ પેદા કરી શકી નહીં કે તેમનું સંતાન ફક્ત શાળામાં અભ્યાસ કરીને પણ આગળ વધી શકે એમ છે. સવાલ ઘણા છે, તો જવાબ પણ ઘણા છે. ખાસ તો મોટા ભાગના વાલી પોતાનું સંતાન આઈન્સ્ટાઈન જ હોય એવું ઇચ્છે છે, પરંતુ દરેકની ક્ષમતા અને રૂચિ જુદી જુદી હોય છે, તેથી તેમને એવું જ શિક્ષણ મળવું જોઈએ. જાપાનમાં શિક્ષિત બનવા માટેની પરીક્ષા સૌથી કઠિન હોય છે, પરંતુ આપણે ત્યાં એવું છે ખરું? હવે ક્યાંક સ્થિતિ બદલાઈ છે, પણ મહ્દઅંશે અન્ય ક્ષેત્રમાં જઈ નહીં શકેલાઓ જ શિક્ષક બને એવો અભિગમ આજે પણ ઘણેકઅંશે સાચો લાગે છે. એ રીતે પેદા થયેલો શિક્ષક કેવો હોય એની કલ્પના પણ ધ્રુજાવી દે એવી છે. આપણે માર્કના પૂજારી છીએ, એમાંથી જ્ઞાનના પુજારી બનીએ તો ટ્રમ્પના ટેરિફથી માંડીને ટેક્નોલૉજી મેળવવાની અનેક સમસ્યામાંથી છૂટકારો થઈ જાય અને સાચા અર્થમાં આપણો દેશ આત્મનિર્ભર દેશ બની જાય છે.

# શિલ્પીઓ તો ઘણાં મળશે પરંતુ 'ગ્રામશિલ્પીઓ' જવલ્લે જ જડશે

- ડૉ. ભરત ભગત

શિલ્પી શબ્દ સાંભળીએ એટલે રેતી, માટી, ધાતુ, વુડ કે પથ્થર ઉપર શિલ્પ કરનાર અગણિત શિલ્પીઓના ચહેરા આંખ સામે તરી આવે, પરંતુ મેં જ્યારે 'ગ્રામશિલ્પી' શબ્દ સાંભળ્યો ત્યારે મને અનહદ આશ્ચર્ય થયું, કારણ કે આવો કોઈ શિલ્પકાર હોય એવું મારા જાણવામાં આવ્યું જ ન હતું. હકીકતમાં આવા એક 'ગ્રામશિલ્પી' નિલમભાઈ પટેલને મળવાનું થયું. એમનાં ગામ-ઘડતરનાં કામો જાણ્યા ત્યારે સહજભાવે એમને વંદન થઈ ગયાં. ધરમપુરથી ૫૫ કિલોમીટર દૂર, ખોબા જેવડા ૭૦૦ માણસોની વસ્તી ધરાવતા છેવાડાના ગામ 'ખોબા'માં તેમણે પોતાની જાતને ખૂંપી દીધી છે. આ ગામને કેન્દ્રમાં રાખી આસપાસના ૮૦ અંતરિયાળ ગામડાંઓમાં તેમની પ્રવૃત્તિઓ સ્થાનિક આદિવાસીઓના જીવનમાં સુખની અનુભૂતિ કરાવે છે. ગ્રામશિલ્પ થવાના તેમના પ્રવાસને આપણે તેમના જ શબ્દોમાં જાણીએ.

''ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ ત્યારે ગાંધીજીની વિચારધારા એવી હતી કે અહીંના વિદ્યાર્થીઓ ગામડાંઓમાં જાય, ત્યાંના લોકો વચ્ચે રહે, તેમના પ્રશ્નો સમજે અને એનું સમાધાન શોધે. પોતે સાદું અને સ્વાવલંબી જીવન જીવે. સહુની સાથે રહી ગામનો વિકાસ કરે. અમારા શિક્ષણમાં પણ સવારથી સાંજ સુધી ગામડાંની વાતો જ રહેતી, પરંતુ સમયની સાથે શહેરોની નોકરીઓનું આકર્ષણ અને ભૌતિક સુખના વિચારને કારણે વિદ્યાપીઠની મૂળ વિચારધારા વિસરાતી ગઈ. ૨૦૦૭માં વિદ્યાપીઠના સંચાલકોએ મૂળધારામાં પાછા ફરવા 'ગ્રામશિલ્પી'નો વિચાર વહેતો મૂક્યો. અર્થશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી મેળવી હતી, પણ ગામડું અને તેનો વિકાસ મારા મનમાં છવાઈ રહ્યા હતા. પરિવાર ગાંધીવાદી નહીં, પરંતુ મારા માટે તો આ વિચાર સર્વસ્વ હતો. મારો નિર્ણય દૃઢ હતો, બધું છોડવાની તૈયારી હતી, પરિશ્રમ અને મુશ્કેલીઓ સહન કરવા સક્ષમ હતો એટલે 'ગ્રામશિલ્પી' બની ગયો.''

'ગ્રામશિલ્પી' થનારે નાનું ગામ પસંદ કરવાનું અને પોતાની આવકનો સ્ત્રોત પણ પોતે જ ઊભો કરવાનો, સાદું જીવન અને ઓછામાં ઓછા ખર્ચે રહી સેવા કરવાની શરત હતી, એક આશ્વાસન એ હતું કે તમને જીવવા જેટલું ના મળે તો વિદ્યાપીઠ થોડી સહાય કરે. આજના જમાનામાં અશક્ય લાગે પરંતુ બાર શિલ્પીઓ આ માટે તૈયાર થઈ ગયા હતા, એમાંના એક નિલમભાઈ પણ હતા. તેમના શબ્દોમાં તેમની યાત્રા માણીએ.

''હું બે વર્ષ વલસાડથી ૨૫ કિલોમીટર દૂરના ગામમાં રહ્યો, ગામના પ્રશ્નો જોયા અને એની ગંભીરતા સમજાઈ એટલે થયું કે મારે વધારે અંતરિયાળ વિસ્તારોમાં જવું જોઈએ. મેં પસંદ કર્યું 'ખોબા' કે જ્યાં વીજળી, રસ્તા, વાહન, સ્કૂલ કે દવાખાનું પણ ન હતા. છેલ્લા બસ સ્ટેન્ડથી ગામમાં જવા ૧૨ કિલોમીટર પહાડો ચઢવા-ઉતારવા પડે. તમારી ધીરજ ખૂટાડી દે એટલી તકલીફો અને હિંમત હારી

જવાય એવી પરિસ્થિતિમાં સ્વનિર્ભર થઈ જીવવાનું પડકારજનક હતું. પરંતુ હૈયામાં હામ હતી, મનમાં પાકો નિર્ધાર હતો અને જાતમાં વિશ્વાસ હતો એટલે ગામમાં ભાડાનું મકાન લઈ બેસી ગયો. વિદ્યાપીઠની તાલીમ અને મારો નિર્ધાર આની માટે પૂરતા હતા. સુદામાની જેમ ગાંઠે તાંદુલની પોટલી જેટલો સામાન હતો. ઘર ભાડે લીધું અને ધીમે ધીમે લોકો સાથે સંબંધ સ્થાપ્યો, સહુને મદદરૂપ થઈ વિશ્વાસ સંપાદન કર્યો અને મારા કામની પ્રાથમિકતા નક્કી કરી, લોકભાગીદારીથી કામ શરૂ કર્યું. સર્વાંગી વિકાસ કરવો હતો એટલે એક પછી એક ક્ષેત્રને હાથમાં લીધા અને ૨૦૦૯/૧૦માં 'લોક મંગલમ ચેરિટેબલ ટ્રસ્ટ' ની સ્થાપના કરી.

નિલમભાઈ પાસે વિદ્યાપીઠનું જ્ઞાન હતું પણ લોકો તરફથી વ્યવહારિક જ્ઞાન મળ્યું એટલે જરૂરિયાત મુજબ કામો શરૂ કર્યા. 'ખોબા' ગામથી સરકારી દવાખાનું ૨૫ કિ.મી. દૂર હતું. ૧૦૮ તો આવી શકે નહિ. એટલે ગંભીર દર્દીઓને ખાટલામાં ઊંચકી પહાડો ચઢી ઉતરી દૂર દૂર લઈ જવા પડે. રસ્તામાં જ કેટલી જિંદગીઓ અકાળે અસ્ત થઈ જાય. આ મુશ્કેલીઓ દૂર કરવા તેમણે માંદગીના પ્રારંભિક તબક્કામાં જ સારવાર મળે તેવી વ્યવસ્થા ગોઠવી. પ્રાથમિક સારવાર માટે તેમણે આસપાસના ગામડાઓમાં દવાઓના બોક્સ રાખવા માંડ્યા, મોબાઈલ મેડિકલ વાન ૨૫ ગામોમાં ફેરવવાનું શરૂ કર્યું. દૂરથી તબીબોને બોલાવી ગામડાઓમાં મેડિકલ કેમ્પસ શરૂ કર્યા. તેમની મહેનત સમય સાથે સ્વાસ્થ્ય સેવાઓમાં પરિવર્તન લાવી શકી.

'ખોબા'ની આસપાસનાં ગામોમાં શાળા ન હતી એટલે દૂરથી બાળકોને ભણવા અહીં આવવું પડે. રોજ આટલું ચાલવાનું શક્ય ના થાય એટલે કોઈ ભણે નહીં. નિલમભાઈએ 'ખોબા'માં છાત્રાલય બનાવ્યું અને આજે ૪૦ બાળકો અહીં રહી ભણે છે. એમને વિનામૂલ્યે શિક્ષણ, રહેવા-ખાવાનું મળે તદ્ઉપરાંત સારા સંસ્કાર પામે એટલા માટે પ્રાર્થના, યોગ, સારું વાંચન અભ્યાસમાં સહાયતા અને રમતો દ્વારા શિક્ષણની વ્યવસ્થા ગોઠવી છે. આસપાસ ૫૦ શાળાઓના વિદ્યાર્થીઓ માટે પેરા ટીચર્સ પ્રોજક્ટથી સવારના ૧ થી ૨ કલાક જેટલું વધારાનું શિક્ષણ આપી નબળા બાળકોને ભણવામાં સહાય શરૂ કરી છે. જે શાળાઓમાં શિક્ષક ન હતા ત્યાં સ્ક્રીન, પ્રોજેક્ટર, માઇક જેવી સુવિધાઓ આપી વિડીયો શાળાઓ શરૂ કરી ડિજિટલ માધ્યમથી અદ્યતન ભણતર આપવાનું કામ ઉમેર્યું છે. કેટલીક જગ્યાએ એક જ ઓરડામાં ૧ થી ૫ ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષણ અપાતું હતું એટલે ત્યાં વધારાના ઓરડા બનાવડાવ્યા અને વર્ગો જુદા કર્યા. તદ્ઉપરાંત શિક્ષકો નિયમિત આવે અને ભણાવે તેવો પ્રબંધ પણ કર્યો. શિક્ષણ સાથે રમતો, સ્વાસ્થ્ય અંગેની માહિતી, પ્રવાસો, બાળમેળાવડા, શિબિરો દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ થાય, તેમની વિચારશક્તિ વિકસે અને પલટાની દુનિયાને જાણે એવી કાયમી પ્રવૃત્તિઓ શરૂ કરી. ગામડાઓની સામૂહિક સફાઈ યોજી બાળકો અને લોકોને સફાઈના કામ અને નવી દિશા દર્શાવી છે.

પર્યાવરણની જાગૃતિ માટે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી શેરી નાટકો, રેલી, સામૂહિક સફાઈ, વૃક્ષારોપણ અને પ્લાસ્ટિક નાબૂદીના અભિયાન દ્વારા ઘણા ગામડાઓમાં હાથ પર લીધી છે. ગરીબ કિસાનોને સહાયરૂપ થવા ખેતી માટેનાં ઓજારોની બેન્ક કરી છે જે દ્વારા ખૂબ સામાન્ય ખર્ચે ખેડૂતને ઓજાર મળે છે. આ

(અનુસંધાન પૃષ્ઠ ૮ ઉપર)

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**દેશમાં એક લાખથી વધારે શાળાઓમાં ફક્ત એક જ શિક્ષક :**

સમગ્ર દેશમાં એક લાખથી વધારે શાળાઓ એવી છે જેમાં ફક્ત એક જ શિક્ષક છે. આવી શાળાઓમાં કુલ ૩૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. આ આંકડાઓમાં એક જ શિક્ષક ધરાવતી સૌથી વધુ શાળાઓ આંધ્રપ્રદેશમાં આવેલી છે. શિક્ષણ મંત્રાલયના આંકડા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતમાં એક શિક્ષકથી ચાલતી ૧,૦૪,૧૨૫ શાળાઓ છે. આવી આ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૩,૭૬,૭૬૯ છે. એટલે કે આવી એક શાળામાં સરેરાશ ૩૪ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. શિક્ષણનો અધિકાર કાયદો, ૨૦૦૯ અનુસાર પ્રાથમિક સ્તરે ધોરણ ૧ થી ૫માં ૩૦ બાળકોએ એક શિક્ષક અને ઉચ્ચ પ્રાથમિક સ્તરે ધોરણ ૬ થી ૮માં ૩૫ બાળકોએ એક શિક્ષક ફરજિયાત છે. આંધ્રપ્રદેશ બાદ ઉત્તરપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, અને કર્ણાટકનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાં પણ સૌથી વધુ ૬,૨૪,૩૨૭ વિદ્યાર્થીઓ એક શિક્ષકથી ચાલતી શાળાઓમાં ભણી રહ્યા છે.

**દેશના ૫૦ જિલ્લામાં શિક્ષણ નબળું ગુજરાતના આઠ જિલ્લાનો સમાવેશ :**

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા સર્વેક્ષણ રિપોર્ટ-૨૦૨૪ (પરખ) મુજબ ધોરણ-૩ અને ૯ના શિક્ષણમાં નબળો દેખાવ ધરાવતા દેશના ટોપ ૫૦ જિલ્લામાં ગુજરાતના આઠ જિલ્લાઓ છે. જેમાં ધોરણ-૩માં સૌરાષ્ટ્ર-મધ્ય ગુજરાતના પાંચ અને ધોરણ-૯માં ગુજરાતના ૩ જિલ્લાનો દેખાવ નબળો રહ્યો છે.

આ રિપોર્ટમાં ધોરણ-૩, ૬ અને ૯માં ભણતા બાળકોની શૈક્ષણિક ક્ષમતાના સર્વે બાદ બહાર આવેલા તારણોમાં અને ઉચ્ચ દેખાવ કરનારા ટોપ-૫૦ અને નબળો દેખાવ કરનારા ટોપ-૫૦ જિલ્લા તારવવામાં આવ્યા છે. જેમાં ધોરણ ૩, ૬ અને ૯ના શિક્ષણમાં શ્રેષ્ઠ દેખાવ કરનારા દેશના ટોપ જિલ્લામાં ગુજરાતનો એક પણ જિલ્લો નથી જ્યારે બીજી બાજુ નબળો દેખાવ કરનારા જિલ્લાઓમાં ગુજરાતના આઠ જિલ્લાઓનો સમાવેશ થાય છે. ધોરણ-૩ના

શિક્ષણની વાત કરીએ તો નબળો દેખાવ કરનારા દેશના ટોપ ૫૦ જિલ્લામાં જામનગર, ગીર સોમનાથ, ખેડા, પોરબંદર અને છોટા ઉદેપુર જિલ્લો છે. જયારે ધોરણ-૯ના શિક્ષણમાં નબળો દેખાવ હોય તેવા ૫૦ જિલ્લાઓમાં ડાંગ, છોટા ઉદેપુર અને દાહોદ સહિતના ત્રણ આદિજાતિ વિસ્તાર ધરાવતા જિલ્લાઓ છે.

**NSSમાં ૨૫ લાખ વિદ્યાર્થીઓ જોડવા માટે યુનિવર્સિટી કૉલેજોને યુનિટ સ્થાપવા આદેશ :**

વિદ્યાર્થીઓ સ્કૂલ-કૉલેજના અભ્યાસ સાથે એનસીસી અને એનએસએસની પ્રવૃત્તિઓમાં જોડાતા હોય છે. યુજીસીના જણાવ્યા મુજબ હાલ દેશમાં અંદાજે ૩૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ NSS એનએસએસ (નેશનલ સર્વિસ સ્કીમ)માં જોડાયેલા છે. પરંતુ આગામી એક વર્ષમાં દેશમાં વધુ ૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ એનએસએસમાં જોડાય તે માટેનો કેન્દ્ર સરકાર ટાર્ગેટ નક્કી કર્યો છે. જેને પગલે યુજીસી દ્વારા તમામ યુનિવર્સિટીઓ અને કૉલેજોને એનએસએસ યુનિટ કેમ્પસમાં શરૂ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. હાલ દેશની ૫૯૪ યુનિવર્સિટીઓમાં એનએસએસ યુનિટ ચાલે છે. પરંતુ હજુ પણ ઘણી યુનિવર્સિટીઓમાં આવા યુનિટ કાર્યરત નથી. ગુજરાતમાં ૧.૯૮ લાખથી વધુ એનએસએસ વોલીન્ટર્સ છે.

કયા રાજયમાં સૌથી વધુ એનએસએસ વોલન્ટીર્સ

| રાજ્ય | | વોલન્ટીર્સ |
|---|---|---|
| તમિલનાડુ | - | ૪૪૨૭૦૦ |
| ઉત્તરપ્રદેશ | - | ૩૩૧૩૦૦ |
| મહારાષ્ટ્ર | - | ૩૭૮૧૧૫ |
| રાજસ્થાન | - | ૨૧૪૫૫૮ |
| ગુજરાત | - | ૧૯૮૩૧૫ |
| મધ્યપ્રદેશ | - | ૧૯૩૩૬૦ |
| પંજાબ | - | ૧૮૨૬૯૪ |
| તેલંગાણા | - | ૧૬૦૦૦૦ |
| હરિયાણા | - | ૧૫૫૦૦૦ |
| ઓરિસ્સા | - | ૧૩૨૦૦૦ |

**CAફાઈનલમાં અમદાવાદના છ અને ઈન્ટરમાં છ વિદ્યાર્થીઓ દેશના ટોપ-૫૦માં :**

આઈસીએઆઈ દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૫માં લેવાયેલી ફાઉન્ડેશન, ઈન્ટરમીડિએટ અને સીએ ફાઈનલ પરીક્ષામાં અમદાવાદના છ વિદ્યાર્થીઓએ અને ઈન્ટરમીડિએટમાં અમદાવાદના છ વિદ્યાર્થીઓએ દેશના ટોપ-૫૦ રેન્કમાં સ્થાન મેળવ્યું છે. ફાઈનલમાં ઓલ ઈન્ડિયાનું પરિણામ ૧૬.૨૩ ટકા તેમજ ઈન્ટરનું ૧૦.૦૬ ટકા અને ફાઉન્ડેશનનું ૧૪.૭૮ ટકા પરિણામ રહ્યું છે. જયારે ઈન્ટરમાં અમદાવાદની વિદ્યાર્થિની ક્રિતી શર્માએ દેશના ટોપ-૩માં સ્થાન મેળવતા બીજો રેન્ક મેળવ્યો છે.

**અમદાવાદના ટોપર્સ વિદ્યાર્થી સીએ ફાઈનલ**

| વિદ્યાર્થી | રેન્ક |
|---|---|
| સુમિત હસરાજાણી | ૧૦ |
| ઈશા અરોરા | ૨૦ |
| આલોક પંચોરી | ૨૩ |
| મોક્ષિલ મહેતા | ૨૭ |
| સક્ષમ જૈન | ૩૪ |
| અક્ષ જૈન | ૪૪ |

**અધ્યાપકો - આચાર્યોને રિસર્ચ માટે હવે ૧ થી ૩.૫ લાખ રૂપિયાની સહાય મળશે :**

ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં રિસર્ચ વધે તે માટે ૨૦૨૩-૨૪ના બજેટમાં નવી જોગવાઈ રૂપે રિસર્ચ ફેલોશીપ-આર્થિક સહાયની બાબત ઉમેરાઈ હતી. જેના ઠરાવમાં સરકારે કેટલાક મહત્ત્વના ફેરફારો કર્યા છે અને જેમાં ખાસ કરીને અગાઉ સમાનપણે ૩-ત્રણ લાખ રૂપિયા સુધીની આર્થિક સહાય અપાતી હતી. પરંતુ સરકારે તેમાં સુધારો કરીને હવે જુદી જુદી કેટેગરી પાડી છે. જેમાં સાયન્સ અને ટેક્નોલૉજીના રિસર્ચ માટે ૩.૫ લાખ, તથા કોમર્સ અને આર્ટસ્ના વિષયોમાં રિસર્ચ પ્રોજેક્ટ માટે બે લાખ રૂપિયા તેમજ ભાષાના વિષયોમાં રિસર્ચ માટે એક લાખ રૂપિયા નક્કી કરાયા છે. નવા ઠરાવમાં સરકારે સ્ક્રિનીંગ ટેસ્ટનો ક્રાઈટેરિયા મૂક્યો છે અને હવે ૧ થી ૨ બે વર્ષના મેજર-માઈનર રિસર્ચ પ્રોજેક્ટમાં રિસર્ચ ઈવેલ્યુશનમાં ૧૦૦માંથી ૬૦ માર્કસ લાવવા પડશે. તો જ આ આર્થિક સહાય મળી શકશે.

**અમેરિકા જતા વિદેશી વિદ્યાર્થીઓમાં આઠ લાખનો ઘટાડો :**

અમેરિકાની નેશનલ ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ ઑફિસના કહેવા પ્રમાણે અમેરિકા આવતા વિદેશી વિદ્યાર્થીઓમાં તોતિંગ ઘટાડો નોંધાયો છે. ઓગસ્ટ માસમાં અમેરિકન યુનિવર્સિટીઝમાં નવું સત્ર ચાલુ થાય છે. ઓગસ્ટ-૨૦૨૪ની સરખામણીએ ઓગસ્ટ-૨૦૨૫માં અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓએ આવવાનો ઉમળકો બતાવ્યો નથી. તેને કારણે અમેરિકન યુનિવર્સિટીઝમાં અસંખ્ય બેઠકો ખાલી રહેશે.

ગયા વર્ષે અમેરિકામાં ૧૧ લાખ વિદેશી વિદ્યાર્થીઓએ એડમિશન મેળવ્યા હતા. તે વખતે અમેરિકામાં બાઈડેન પ્રમુખ હતા. બાઇડેન સરકારની વિદેશી વિદ્યાર્થીઓને આવકારવાની પોલિસી હતી. વર્ષના અંતે થયેલી ચૂંટણીમાં ટ્રમ્પ જીત્યા પછી અમેરિકામાં વિદેશી નાગરિકો તરફનું સરકારનું વલણ ઝડપથી બદલાયું. વિઝા પ્રોસેસીંગ ફીમાં વધારો, યુનિવર્સિટી ફીમાં વધારો વગેરે કારણોને લઈને આ વર્ષે ઓગસ્ટ સુધીમાં ૩૧૩૧૩૮ જેટલા વિદ્યાર્થીઓના જ એડમિશન થયા છે. જે ગયા વર્ષની સરખામણીએ બહુ મોટો તફાવત છે.

# ૧૦૮મા જન્મદિનની શુભેચ્છા



**શ્રી જશીબેન નાયક**
(૧૮ નવેમ્બર ૧૯૧૮ - ૨૦૨૩)

સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ

ઘરશાળા માસિકના પથદર્શક તંત્રી અને


અમારા બાળકોના દાદીમાને જન્મદિનની શુભેચ્છા.

સમગ્ર સરસ્વતી પરિવાર

## ડૉ. રક્ષાબેન દવેના વિશિષ્ટ શૈલીના ચિત્રો














Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

## શિયાળો

વર્ષાની વાદળીઓમાં થઈ શરદ
તણે નિર્મળ જળ ન્હાતો,
શારદ-લક્ષ્મીની વીણામાં
ગીત અભિનંદનના ગાતો;
અન્નકૂટના ધર્મ ઊજવતો,
શિયાળો આવ્યો સૂસવતો.

નવીન આયુ નવચેતનવંતા,
પાક નવા ધરતીએ દીધા,
નવીન આશ, નવલા ઉરભાવે,
પંથ નવલ સુજનોએ લીધા;
જીવનની શુભ રાહ સૂચવતો,
શિયાળો આવ્યો સૂસવતો.

ખેડૂતે શેરડીઓ વાવી
સીમડીઓને રસમય કીધી,
કોસ તણાં પૈ સાથે ગાતાં
રાતોને રઢિયાળી કીધી;
મીઠા મીઠા પાક પકવતો,
શિયાળો આવ્યો સૂસવતો.



અમૃત જેવો ઊગતો સૂરજ,
અમૃત જેવાં કપડાં ધિંગા,
અમૃત જેવાં ઘીનાં ભોજન,
અમૃત જેવાં દડબાં દહીંના;
અંગારે પણ અમૃત સ્રવતો,
શિયાળો આવ્યો સૂસવતો

વહેલાં ઊઠી કામ કરે સૌ,
બાળક તડકે મળતાં ટોળે,
ઘરને આંગણ ઓઢી બેઠાં
વૃદ્ધો સગડીને સંકોરે,
ગોરે ગાલ અડપલાં કરતો,
શિયાળો આવ્યો સૂસવતો,

- ત્રિભુવન વ્યાસ

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું